નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765




પંચનો આદેશ:૧૧૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીના કામની તૈયારી કરવા પંચનો આદેશ

જુઓ પેજ નં.૦૪

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :3 MARCH 2025 | MONDAY | Page :8 | Year : 2 | Issue :281 | Price: 2/-



# સોમનાથ મહાદેવ મંદિરે PM મોદીએ આસ્થાભેર પૂજા કરી

## યાત્રિકો તથા સ્થાનિકોનું અભિવાદન કર્યું : હેલિકોપ્ટર દ્વારા સાસણ ગીર પહોંચ્યા

વેરાવળ, જૂનાગઢ, : ગુજરાતના ત્રિ-દિવસિય પ્રવાસના બીજા દિવસે વડાપ્રધાન મોદીએ પ્રથમ જયોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવ મંદિરે પહોંચીને આસ્થાભેર પૂજા કરી હતી. એ પછી તે સાસણ પહોંચ્યા છે, જ્યાં કાલે- સોમવારે સિંહ દર્શન કર્યા બાદ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની સાતમી બેઠક યોજાશે.

જામનગરથી વડાપ્રધાન મોદી આજે બપોરે સવા ચારના અરસામાં સોમનાથમાં ત્રિવેણી સંગમ પાસે આવેલા હેલીપેડ ખાતે હેલિકોપ્ટર દ્વારા પહોંચતા તેમનું કલેકટર, એસ.પી. તથા આગેવાનોએ સ્વાગત કર્યું હતું. તેઓ ત્યાંથી સોમનાથ મંદિરે પહોંચ્યા હતા. પ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવવંદન કર્યા હતા. ત્યાર બાદ યાત્રિકો તથા સ્થાનિકોનું અભિવાદન કરી સોમનાથ મહાદેવ મંદિરે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરે



આસ્થાભેર પૂજન કર્યું હતું તથા મંદિરના શિખર પર પધરાવવાના સોનાના કળશની પણ પૂજા કરી હતી. ત્યાર બાદ સીધા હેલીપેડથી સાસણ જવા રવાના થયા હતા. વર્ષ ૨૦૦૭ પછી પ્રથમવાર મોદી ગીરની મુલાકાતે આવ્યા છે. આજે સાંજે સાસણ સિંહ સદન ખાતે ટ્રેકરો સાથે વાર્તાલાપ કર્યા બાદ ઉચ્ચ અધિકારીઓ પાસેથી ગીર અને સિંહે વિશેની જાણકારી મેળવશે અને સિંહ સદનમાં રાત્રિ રોકાણ કરશે. તા. ૩ના વહેલી સવારે જંગલ સફારીમાં સિંહ દર્શન માટે જશે. સિંહ દર્શન કર્યા બાદ વડાપ્રધાનની અધ્યક્ષતામાં નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની સાતમી બેઠક યોજાશે. આ બેઠકમાં પ્રોજેક્ટ લાયનને સત્તાવાર રીતે અમલમાં મુકવામાં આવે તેવી શક્યતાઓ છે.

# સ્ટોક માર્કેટ ફ્રોડમાં માધવી બુચ સામે ગુનો નોંધવા કોર્ટનો આદેશ

## નિયમોનો ભંગ કરનારી કંપનીને પણ લિસ્ટિંગની મંજૂરી આપતાં રોકાણકારોને નુકસાન, સેબી તથા અન્ય એજન્સીઓએ પગલાં ન લેતાં કાયદાકીય દખલની જરૂર પડી હોવાની કોર્ટની ટકોર

મુંબઈઃ એક વિશેષ અદાલતે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ભૂતપૂર્વ ચેરપર્સન માધબી પુરી-બુચ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) સહિત ટોચના અધિકારીઓ સામે શેરબજારમાં છેતરપિંડી અને નિયમોનાં ઉલ્લંઘનના કેસમાં એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે. અદાલતે જણાવ્યું છે કે નિયમોને કોરાણે મૂકાયા હોવાના કે નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું દર્શાવતા



પૂરતા પ્રાથમિક પુરાવા છે અને તેની ન્યાયી અને નિષ્પક્ષ તપાસ જરૂરી બની છે.

થાણે સ્થિત પત્રકાર સપન શ્રીવાસ્તવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર એસીબી કોર્ટના સ્પેશિયલ જજ એસ.ઈ. બાંગરએ શનિવારે આ આદેશ જારી કર્યો હતો. સપન શ્રીવાસ્તવે સ્ટોક એક્સચેન્જમાં કંપનીના લિસ્ટિંગમાં મોટાપાયે નાણાકીય છેતરપિંડી અને ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદીએ દલીલ કરી હતી કે સેબીના અધિકારીઓ તેમની કાનૂની ફરજમાં નિષ્ફળ ગયા છે.

અદાલતે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે સેબી અને અન્ય કાયદાનું અનુપાલન કરાવતી એજન્સીઓ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગઈ હોવાથી અદાલતે દખલ કરવાની ફરજ પડી છે. અદાલતે જણાવ્યું હતું કે આ ફરિયાદમાં થયેલા આરોપો કોગ્નિઝેબલ ગુનો હોવાનું દર્શાવે છે આથી તેની તપાસ જરૂરી બની છે. અદાલતે પોલીસને 30 દિવસમાં પ્રગતિ અહેવાલ આપવા જણાવ્યું છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે પોતે આ તપાસ પર દેખરેખ રાખશે.

ફરિયાદમાં સેબીના અધિકારીઓ પર નિયમનોનો ભંગ કરનારી કંપનીના લિસ્ટિંગને મંજૂરી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આ કારણસર બજારમાં હેરાફેરી થઇ અને રોકાણકારોને નુકસાન થયું હતું. આ ફરિયાદમાં સેબી અને કોર્પોરેટ જૂથ વચ્ચે મિલીભગત, આંતરિક વેપાર અને લિસ્ટિંગ પછી જાહેર ભંડોળના ઉચાપતનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.3/3/2025 MONDAY




તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ખાદ્યતેલોનો વપરાશ ઘટાડવાની હાકલ



દેશમાં ખાદ્યતેલોની બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. ભારતમાં ખાદ્યતેલોની માગ ઘરઆંગણે વધી છે સામે સ્થાનિકમાં ખાદ્યતેલોના ઉત્પાદનમાં તેટલા પ્રમાણમાં વૃદ્ધી થઈ નથી અને તેના કારણે દેશમાં ખાદ્યતેલોની આયાત પર આધાર ચાલુ રહ્યો છે. આયાત પર આધાર ઘટાડવા સરકાર વિવિધ યોજનાઓ બનાવી ઘરઆંગણે ઉત્પાદન વધારવા પ્રયત્નો કરી રહી છે. આ પ્રયત્નોને આગળ ઉપર કેટલી સફળતા મળે છે તેના પર બજારની નજર રહી છે. ઘરઆંગણે ખાદ્યતેલોનું ઉત્પાદન વધારવા ઉપરાંત દેશમાં ખાદ્યતેલોનો વપરાશ ઘટાડવા તાજેતરમાં વડા પ્રધાને જનતાને ખાદ્યતેલોનો વપરાશ ઓછો કરવા પણ હાકલ કરી છે તથા આ હાકલના પગલે ખાદ્યતેલોની બજારમાં દેશવ્યાપી ધોરણે ખાસ્સી ચર્ચા પણ જન્મી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. ખાદ્યતેલોનો વપરાશ ઘટાડી જનતાએ આરોગ્ય પર લક્ષ આપવું એવી રજૂઆત સરકારે કરી છે. આમ એક બાજુ સરકાર દેશમાં ઉત્પાદન વધારવા પ્રયત્નો કરી રહી છે ત્યારે બીજી બાજુ ઘરઆંગણે વપરાશ ઘટાડવા માટે પણ જનતા સમક્ષ હાકલ કરાતી થઈ છે. આ રીતે સરકાર બેતરફી પ્રયત્નો કરતી જોવા મળી છે. આના પગલે આગળ ઉપર દેશમાં ખાદ્યતેલોની ઈમ્પોર્ટ કેટલી ઘટે છે તે હવે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે એવું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, ભારતમાં નવેમ્બર ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ના ગાળામાં ૩ મહિનામાં ક્રૂડ પામ ઓઈલ તથા આરબીડી પામોલીનની આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે જ્યારે તેની સામે દેશમાં સોયાતેલ તથા સન ફ્લાવર તેલની આયાતમાં આ ગાળામાં ખાસ્સી વૃદ્ધી જોવા મળી છે.

દેશમાં જાન્યુઆરીમાં પામતેલની આયાત ઘટી ૧૩ વર્ષના તળિયેઉતરી હતી. ૨૦૨૪ના જાન્યુઆરીમાં આવી આયાત ૭ લાખ ૮૦ હજાર ટન થઈ હતી તે ૨૦૨૫ના જાન્યુઆરીમાં ઘટી માત્ર ૨ લાખ ૭૫ હજાર ટન નોંધાઈ છે. પામતેલના આયાત ભાવ ઉંચા રહેતાં તથા તેની સરખામણીએ સોયાતેલના આયાત ભાવ નીચા રહેતાં દેશમાં સોયાતેલની આયાત તાજેતરમાં વધતી જોવા મળી છે. આ ત્રણ મહિનામાં દેશમાં સોયાતેલની આયાત વધી ૧૨ લાખ ૭૦ હજાર ટન થઈ છે જે પાછલા વર્ષ આ ગાળામાં ૪ લાખ ૯૧ હજાર ટન થઈ હતી. દરમિયાન, દેશમાં નેપાળથી રિફાઈન્ડ સોયાતેલની આયાત તથા પામતેલની આયાત તાજેતરમાં ખાસ્સી વધી છે. હકીકતમાં નેપાળમાં પોતાના દેશમાં ખાદ્યતેલોનું વિશેષ ઉત્પાદન થતું નથી અને છતાં નેપાળથી ભારતમાં આવી આયાત વધતાં આ વાત ચર્ચાનો વિષય બની છે.

તાજેતરમાં મળેલા આંકડા મુજબ ૧૫ ઓક્ટોબર ૨૦૨૪થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાનના ૩ મહિનાના ગાળામાં નેપાળમાં ખાદ્યતેલોની આશરે બે લાખ ટનની આયાત કરાઈ હતી જ્યારે આ ત્રણ મહિનાના ગાળામાં નેપાળથી ખાદ્યતેલોની નિકાસ ભારત તરફ આશરે ૧ લાખ ૧૦ હજાર ટનની કરાઈ હતી. વિશિષ્ટ પ્રકારના કરારના પગલે નેપાળથી ભારતમાં થતી આવી આયાત પર ડયુટીની બાદબાકી થતી હોય છે અને આવા સંજોગોમાં નેપાળ પોતે ખાદ્યતેલોની આયાત કરી આવો આયાતી માલ ભારત તરફ રવાના કરી રહ્યો હોય એવું ચિત્ર પણ સામે આવ્યું છે. બજારમાં એવી પણ ચર્ચા સંભળાઈ છે કે આયાતી માલો નેપાળના બદલે ડાયરેક્ટ ભારતમાં આવી જાય છે અનેમાત્ર દસ્તાવેજો પર સ્થિતિ અલગ પ્રકારની બતાવવામાં આવે છે! દરમિયાન, તાજેતરમાં સિંગતેલના ભાવ સૌરાષ્ટ્ર ખાતે ઉંચકાતાં મુંબઈ હાજર બજારમાં સિંગતેલના ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા આ તરફ ભારતના ઘણા ઓઈલ રિફાઈનર્સે આયાતી પામતેલના જે ઈમ્પોર્ટ સોદા ઊભા હતા તે સોદા કેન્સલ કરવાનું નક્કી કરતાં વૈશ્વિક બજાર પર તેની અસર જોવા મળી હતી.

# ટ્રમ્પે તરછોડેલા ઝેલેન્સ્કીને હવે બ્રિટનનો સાથ : ૨.૮૪ કરોડ ડોલરની લોન આપી

## આખું બ્રિટન તમારી સાથે છે : પીએમ સ્ટાર્મરની યુક્રેનના પ્રમુખને હૈયાધારણ



લંડનઃ રશિયા સામેના યુદ્ધમાં નાણાકીય સહાય માટે પ્રમુખ ટ્રમ્પ સાથે મુલાકાત માટે વ્હાઈટ હાઉસ પહોંચેલા યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ અપમાનિત થઈને અમેરિકામાંથી નીકળવું પડ્યું હતું. જોકે, વ્હાઈટ હાઉસના ફિયાસ્કો બાદ લંડન પહોંચેલા ઝેલેન્સ્કીનું બ્રિટિશરોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. યુકેના વડાપ્રધાન કિર સ્ટાર્મરે ઝેલેન્સ્કીને ગળે મળી તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને ૨.૨૬ અબજ પાઉન્ડની લોન એગ્રીમેન્ટ કરાર પણ કર્યો હતો. વધુમાં સાટર્મરે કહ્યું કે, યુક્રેન, યુકે અને ફ્રાન્સ રશિયા સામે કાયમી શાંતિ માટે યોજના ઘડી કાઢશે, જે અમેરિકા સમક્ષ રજૂ કરાશે. આ સાથે સ્ટાર્મરે એમ પણ કહ્યું કે, શાંતિ માટે અમેરિકાનો સાથ જરૂરી છે

રશિયા સામે ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ચાલતા યુદ્ધમાં હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો સાથ મેળવવામાં નિષ્ફળ રહેતા અને અમેરિકાથી ખાલી હાથે રવાના થયેલા યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીનું બ્રિટનમાં હીરોની જેમ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. યુક્રેનમાં શાંતિ માટે બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે લંડનમાં યોજેલી યુરોપીયન શીખર સંમેલનમાં ભાગ લેવા ઝેલેન્સ્કી પહોંચ્યા હતા.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને આવકારતા પીએમ કીર સ્ટાર્મરે કહ્યું કે, મને આશા છે કે તમે રસ્તા પર લોકોને તમને આવકારતા જોયા હશે. બ્રિટનના લોકોનું આ સમર્થન દર્શાવે છે કે યુનાઈટેડ કિંગ્ડમ અને યુક્રેન સાથે ઊભા રહેવા માટે દઢ સંકલ્પિત છે. અમે છેક સુધી યુક્રેનની સાથે ઊભા રહીશું. આખું યુનાઈટેડ કિંગ્ડમ તમારી સાથે છે.

વડાપ્રધાન કીર સ્ટાર્મર ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ બહાર ઝેલેન્સ્કીને ગળે મળ્યા હતા. આ સાથે બ્રિટને યુક્રેનને ૨.૨૬ અબજ પાઉન્ડ (અંદાજે ૨.૮૪ અબજ ડોલર)ના લોન એગ્રીમેન્ટ પર કરાર પણ કર્યા હતા. આ સમજૂતી હેઠળ યુક્રેનને આગામી સપ્તાહે પહેલો હપ્તો મળવાની આશા છે, જેનાથી યુક્રેનને તેની સંરક્ષણ ક્ષમતા વધારવામાં મદદ મળશે. આ કરાર પર બ્રિટનના ચાન્સેલર રેચેલ રીવ્સ અને યુક્રેનના નાણાંમંત્રી સર્ગી માર્ચેન્કોએ હસ્તાક્ષર કર્યા હતા. આ લોનની ચૂકવણી પ્રતિબંધિત રશિયન સંપ્રભુ સંપત્તિઓમાંથી પેદા થનારા નફાથી કરાશે.

# મુંબઈના પાલઘરમાં વાઢવણ બંદર નજીક કૃત્રિમ બેટ બનાવી ભારતનું પ્રથમ ફ્લોટિંગ એરપોર્ટ બનાવાશે

પાલઘર જિલ્લાના વાઢવણના દરિયા કાંઠે હજારો કરોડના ખર્ચે બંધાઈ રહેલા દેશના મોટામાં મોટા પોર્ટ પાસે સમુદ્રમાં કૃત્રિમ બેટ રચીને તેની ઉપર એરપોર્ટ બાંધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.સૂચિત એરપોર્ટને કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર તરફથી પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે. હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સહાયથી આ એરપોર્ટ વ્યવહારૂ બની રહેશે કે નહીં એ વિશે અભ્યાસ શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીના પ્રચાર વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઢવણના દરિયામાં એરપોર્ટની સૂચિત યોજનાનો સંકેત આપ્યો હતો. વાઢવણમાં ૭૦ હજાર કરોડથી વધુ ખર્ચે દેશના મોટા કન્ટેનર પોર્ટનું નિર્માણ થવાનું છે. એટલે વાઢવણને એક્સપ્રેસ-વે, હાઈવે તેમજ ડેડિકેટેડ રેલ ફ્રેટ કોરિડોરથી સાંકળવામાં આવશે. આ સાથે જ પોર્ટ નજીક એરપોર્ટની ખૂબ જ આવશ્યકતા છે. આ એરપોર્ટથી કાર્ગો પ્લેનની અવરજવર થઈ શકાશે, એટલું જ નહીં શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા દેશ-વિદેશના લોકો ચાર્ટર્ડ ફ્લાઈટમાં પહોંચી શકે એ માટે પણ વિમાનમથક જરૂરી છે. દરમ્યાન વાઢવણ પાસે બે હેલિપેડ બાંધવાની યોજનાને આ અગાઉ મંજૂરી મળી ગઈ છે. મુંબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટથી વાઢવણ ૧૨૫ કિલોમીટર દૂર છે. એટલે મુંબઈના એરપોર્ટ પરથી વાઢવણ સુધી હેલિકોપ્ટર અથવા ચાર્ટર્ડ પ્લેનમાં ગણતરીની મિનિટોમાં પહોંચી શકાશે. આ કારણથી વાઢવણ એરપોર્ટનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.હોંગકોંગનું ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ જપાનના ઓસાકાનું કાનસાઈ એરપોર્ટ આજ રીતે સમુદ્રમાં કૃત્રિમ બેટ પર બાંધવામાં આવ્યું છે.




# ભારતીય ટીમનો ૪૪ રને ભવ્ય વિજય, ૨૦૫ રન પર ન્યૂઝીલેન્ડ ઑલઆઉટ

દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ભારતીય ટીમ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી હતી. જેમાં ભારતીય ટીમની ૪૪ રનથી શાનદાર જીત થઈ છે. ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૫૦ ઓવરમાં ૯ વિકેટના નુકસાન પર ૨૪૯ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને ૨૫૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૪૫.૩ ઓવરમાં માત્ર ૨૦૫ રનમાં જ ઓલ આઉટ થઈ ગઈ. વરૂણ ચક્રવર્તીએ પાંચ વિકેટ ઝડપી હતી.

ભારત અને ન્યૂઝીલેન્ડ બંને ટીમો પહેલા જ સેમિફાઈનલમાં પહોંચી ચૂકી છે. હવે આ મેચની વિજેતા ટીમ ભારતનો સામનો સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સાથે થશે. જ્યારે હારનારી ટીમ ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં સાઉથ આફ્રિકાનો સામનો કરશે. ટાર્ગેટનો પીછો કરતા ન્યૂઝીલેન્ડની શરૂઆત સારી ન રહી. તેણે રચિન રવીન્દ્રની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી. રવીન્દ્ર (૬)ને હાર્દિક પંડ્યાએ અક્ષર પટેલના હાથે કેચ આઉટ કરાવ્યો. ત્યારબાદ બીજા ઓપનર વિલ યંગ (૨૨) પણ વરૂણ ચક્રવર્તીના બોલ પર બોલ્ડ થઈ ગયો. તેનાથી ન્યૂઝીલેન્ડનો સ્કોર ૨ વિકેટ પર ૪૯ રન થઈ ગયો. અહીંથી ધૂરંધર બેટ્સમેન કેન વિલિયમસન અને ડેરિલ મિચેલે મળીને ત્રીજી વિકેટ માટે ૪૪ રનની પાર્ટનરશિપ કરી.

ડેરની મિચેલની ઈનિંગનો અંત ચાઈનામેન કુલદીપ યાદવે કર્યો. પછી રવિન્દ્ર જાડેજાએ ટોમ લેથમ (૧૪)ને એલબીડબ્લ્યૂએ આઉટ કરીને ભારતીય ટીમને ચોથી સફળતા અપાવી. જ્યારે ૩૬ ઓવરમાં ૧૫૧ રન પર ન્યૂઝીલેન્ડની પાંચ વિકેટ પડી હતી. ગ્લેન ફિલિપ્સને (૧૨) વરૂણ ચક્રવર્તીએ એલબીડબ્લ્યૂ કર્યો. ત્યારબાદ ન્યૂઝીલેન્ડની ટીમ ૧૫૯ રન પર પહોંચતા જ પોતાની છઠ્ઠી વિકેટ ગુમાવી બેઠી. માઇકલ બ્રેસવેલ ત્રણ બોલમાં બે રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ અક્ષર પટેલના બોલ પર કેન વિલિયમસન(૮૧) પણ આઉટ થઈ ગયો. ત્યારબાદ વરૂણ ચક્રવર્તીએ મેચ હેનરીને પણ આઉટ કરી દીધો. તેમની આ પાંચમી વિકેટ રહી. આ રીતે વરૂણ ચક્રવર્તી ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં પાંચ વિકેટ લેનારા ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે.

પ્લેઈંગ ઈલેવન ટીમ ઈન્ડિયાઃ રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, અક્ષર પટેલ, કેએલ રાહુલ (વિકેટ કીપર), હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ શમી, કુલદીપ યાદવ, વરૂણ ચક્રવર્તી

પ્લેઈંગ ઈલેવન ટીમ ન્યૂઝીલેન્ડઃ વિલ યંગ, રચિન રવિન્દ્ર, કેન વિલિયમ્સન, ડેરિલ મિશેલ, ટોમ લૈથમ (વિકેટ કીપર), ગ્લેન ફિલિપ્સ, માઈકલ બ્રેસવેલ, મિશેલ સેન્ટનર (કેપ્ટન), મેટ હેનરી, કાઈલ જેમિસન, વિલિયમ ઓરૂર્કે

## પોઈન્ટ ટેબલ

ગ્રૂપ-એઃ ભારતે ત્રણ મેચમાંથી ત્રણેય મેચ જીતી ૬ પોઈન્ટ સાથે ટોચ પર છે, જ્યારે બીજા ક્રમે ન્યુઝીલેન્ડ, ત્રીજા ક્રમે બાંગ્લાદેશ અને ચોથા ક્રમે પાકિસ્તાન છે.

ગ્રૂપ-બીઃ સાઉથ આફ્રિકા પાંચ પોઈન્ટ સાથે ટોચ પર છે. બીજા ક્રમે ઓસ્ટ્રેલિયા, ત્રીજા ક્રમે અફઘાનિસ્તાન અને ચોથા ક્રમે ઈંગ્લેન્ડનો સમાવેશ થાય છે.

## ભારતીય ટીમનો સ્કોર

| |
|---|
| રોહિત શર્મા - ૧૫ રન (૧૭ બોલ) |
| શુભમન ગિલ - ૨ રન (૭ બોલ) |
| વિરાટ કોહલી - ૧૧ રન (૧૪ બોલ) |
| શ્રેયસ અય્યર - ૭૯ રન (૯૮ બોલ) |
| અક્ષર પટેલ - ૪૨ રન (૬૧ બોલ) |
| કે.એલ. રાહુલ - ૨૩ રન (૨૯ બોલ) |
| હાર્દિક પંડ્યા - ૪૫ રન (૪૫ બોલ) |
| રવિન્દ્ર જાડેજા - ૧૬ રન (૨૦ બોલ) |
| મોહમ્મદ શમી - ૫ રન (૮ બોલ) |
| કુલદીપ યાદવ - ૧ રન (૧ બોલ) |
| ન્યૂઝીલેન્ડની ટીમનો સ્કોર |
| વિલ યંગ - ૨૨ રન (૩૫ બોલ) |
| રચિન રવીન્દ્ર - ૬ રન (૧૨ બોલ) |
| કેન વિલિયમ્સન - ૮૧ રન (૧૨૦ બોલ) |
| ડેરીલ મિચેલ - ૧૭ રન (૩૫ બોલ) |
| ટોમ લેથમ - ૧૪ રન (૨૦ બોલ) |
| ગ્લેન ફિલિપ્સ - ૧૨ રન (૮ બોલ) |
| માઈકલ બ્રેસવેલ - ૨ રન (૩ બોલ) |

# ચમોલીમાં હિમસ્ખલનમાં કુલ ૮ના મોત, ૭ના રેસ્ક્યૂ



ઉત્તરાખંડના ચમોલીના બદરીનાથ પાસે માના ગામ નજીક શુક્રવારે હિમસ્ખલન થવાના કારણે રસ્તાના બાંધકામમાં રોકાયેલા ૫૫ મજૂરો તેમાં ફસાયા હતા, જેમાંથી બરફ નીચે દટાયેલા ૪૬ શ્રમિકોને બચાવી લેવામાં આવ્યા હતા. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા, જ્યારે ચાર લોકો લાપતા થયા હતા, જ્યારે અન્ય એક વ્યક્તિ પહેલાથી જ ઘરે પહોંચી ગયો હતો, જેથી તેનો જીવ બચી ગયો છે. દરમિયાન આજે (૨ માર્ચે) પણ હેલિકોપ્ટર દ્વારા લાપતા લોકોને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન કરાયું હતું, જેમાં ચારેય લાપતા વ્યક્તિઓના મૃતદેહ મળી આવ્યા છે, જેમાં અત્યાર સુધીમાં કુલ આઠ લોકોના મોત થયા છે.

હિમસ્ખલનની ઘટના બન્યા બાદ કુલ ૫૦ શ્રમિકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં ચાર વ્યક્તિઓએ સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો, જ્યારે આજે અન્ય ચાર લોકોના મૃતદેહ મળી આવતા કુલ મૃત્યુઆંક આઠ પર પહોંચ્યો છે.

ભારતીય વાયુસેનાના ખશ-૧૭ અને ચિતા હેલિકોપ્ટરને બચાવ કામગીરી માટે તહેનાત કરાયા હતા. વાયુસેનાના અધિકારીઓના જણાવ્યા મુજબ, એક હેલિકોપ્ટર રવિવારે ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં હિમપ્રપાતગ્રસ્ત વિસ્તારોમાં સર્ચ ઓપરેશન માટે તૈયાર હતું. જ્યારે જોશીમઠમાં ડીએમ ચમોલી સંદીપ તિવારીએ જણાવ્યું કે, આજે સવારે સાત વાગ્યે બચાવ કાર્ય શરૂ થઈ ગયું હતું. આજે હવામાન ચોખ્ખું હતું. આર્મી અને એરફોર્સના સાત હેલિકોપ્ટર બચાવ કાર્યમાં લાગેલા છે.ઘટના બાદ ઉત્તરાખંડના ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ, પિથોરાગઢ અને બાગેશ્વરમાં હિમસ્ખલન અંગે ચેતવણી જાહેર કરવામાં આવી હતી. આમાં ચમોલી જિલ્લો સૌથી વધુ જોખમમાં છે. તમને જણાવી દઈએ કે, શુક્રવારે ઉત્તરાખંડના માણામાં ગ્લેશિયર તૂટવાને કારણે ભારે હિમસ્ખલન થયું હતું. જેના કારણે ઇછ્ય કેમ્પને નુકસાન થયું છે. હિમસ્ખલનને કારણે ઘણા માર્ગો બંધ થઈ ગયા હતા. ઘણી જગ્યાએ નુકસાન પણ થયું છે. સરહદી જિલ્લામાં વરસાદ અને હિમવર્ષાને કારણે, ગંગોત્રી હાઈવે પર ગંગાણીથી આગળનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.બીજી તરફ મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ માણા નજીક હિમસ્ખલનમાં ફસાયેલા શ્રમિકોને બચાવવા માટે કરવામાં આવી રહેલી રાહત અને બચાવ કામગીરી વિશે ફોન પર વિગતવાર માહિતી લીધી હતી. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હવાઈ સર્વેક્ષણ કર્યું હતું અને ઘટનાસ્થળે પહોંચી બચાવ ટીમ પાસેથી માહિતી મેળવી હતી. ખરાબ હવામાનના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સીએમ ધામીએ રેસ્ક્યુ કરેલા શ્રમિકો સાથે પણ મુલાકાત કરી હતી.

# પંચનો આદેશ:૧૧૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીના કામની તૈયારી કરવા પંચનો આદેશ



**છેલ્લા ૧,૨ અને ૬ માસથી ગ્રામ પંચાયતોમાં વહીવટદારનું સંચાલન ચાલતું હતું**

ગાંધીનગરઃ જિલ્લાની ૧૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી મે માસના પ્રથમ કે એપ્રિલ માસના છેલ્લા વીકમાં આવે તેવી શક્યતા રહેલી છે. કેમ કે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય, પેટા, વિભાજનવાળી, મધ્યસત્ર ચૂંટણીઓ યોજવાની હોવાથી તેની કામગીરીની તૈયારીઓનો આદેશ કરવામાં આવ્યો છે. વધુમાં ગ્રામ પંચાયતોમાં ઉપરોક્ત બાબતો લાગુ પડતી હોય તો ગત તારીખ ૧લી, એપ્રિલ-૨૦૨૨થી ૩૦મી, જૂન-૨૦૨૫ સુધીમાં મુદત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોને આવરી લેવાની રહેશે. ઓબીસી અનામતમાં વધારો કરવાનો નિર્ણય લેવાતા સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ તાજેતરમાં પૂર્ણ થઇ છે. ત્યારે હવે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવાનું આયોજન રાજ્યના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઇને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને ચૂંટણી સબંધી તૈયારીઓની કામગીરી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આથી ગાંધીનગર જિલ્લાની ૧૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવામાં આવનાર હોવાથી તેની પણ તૈયારીઓમાં જિલ્લા પંચાયતનું તંત્ર લાગી ગયું છે.

આથી ચૂંટણીની તૈયારીઓના આદેશને પગલે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આગામી એપ્રિલ માસના છેલ્લા કે મે માસના પ્રથમ વીકમાં યોજાય તેવી શક્યતા રહેલી છે. ત્યારે જિલ્લાના ચારેય તાલુકામાંથી સૌથી વધું ચૂંટણી માણસા તાલુકાના ૫૧ ગામો, કલોલ તાલુકાના ૪૫, દહેગામ તાલુકાના ૯ અને ગાંધીનગર તાલુકાના ૫ ગામોની ગ્રામ પંચાયતની સરપંચ તેમજ વોર્ડ સદસ્યોની ચૂંટણી યોજાશે. ઓબીસી અનામતને પગલે જિલ્લાની ૧૧૦ ગ્રામ પંચાયતોમાં બે, એક અને છ માસથી વહિવટદારથી સંચાલન કરવામાં આવતું હતું. તેમાં ગ્રામ પંચાયતમાં વહિવટદાર તરીકે અન્ય ગામના તલાટીઓને નિમણુંક કરવામાં આવી હતી. જોકે ચૂંટણીની તૈયારીઓના રાજ્ય ચૂંટણીપંચના આદેશને પગલે જિલ્લામાં ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થઇ ગયો છે.

જોકે ગ્રામ પંચાયતની ચૂંટણી બિન રાજકીય હોવાથી તેના માટે ગામડાઓમાં સરપંચ, વોર્ડના સદસ્ય બનવા માટે ઉમેદવારી નોંધાવવાની હોય તેવા જૂથોએ બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. ગ્રામ પંચાયતની ચૂંટણીને પગલે મતદાન મથકોની ભૌતિક સુવિધા સહિતની ચકાસણી કરવાનો પણ આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચૂંટણી કામગીરીમાં અધિકારીઓ અને કર્મચારીઓની નિમણુંક તેમજ મતદાર યાદી સુધારણા સહિતની કાર્યવાહી કરવાની રહેશે. ચૂંટણીપંચના આદેશને પગલે જિલ્લામાં ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થઇ ગયો છે.

# ડુંગરાઓ અને પડતર જમીનની ખરીદી વધતા સિંહોના આવાસમાં મોટો ઘટાડો

જૂનાગઢ, : ગીરના ઘરેણા સમાન એશિયાટીક સિંહો માટે ખુબ મહત્વના પ્રોજેક્ટ લાયન અમલમાં આવવાની ઘડીઓ ગણાય રહી છે. સરકાર અને વનતંત્ર આ પ્રોજેક્ટથી સિંહોને ખુબ મોટો ફાયદો થવાનો છે તેવા દાવાઓ કરે છે. પરંતુ સિંહો જ્યાં વસવાટ કરે છે તેવા ડુંગરાળ અને પડતર વિસ્તારોમાં ફાર્મહાઉસ, હોટલ, ખેતી સહિતની પ્રવૃતિઓ થવા લાગી છે. જો પ્રોજેક્ટ લાયન હેઠળ પડતર અને ડુંગરાળ વિસ્તારને ખરીદ કરી તેનું વન વિભાગ સંચાલન કરે તો ગીર સિવાય બહારના વિસ્તારમાં સિંહો માટે લાંબાગાળાનું અસ્તિત્વ ટકાવવું ખુબ ફાયદાકારક બને તેમ છે.

વર્ષ ૨૦૨૦ની સિંહોની વસ્તી ગણતરી અંદાજ મુજબ ૬૭૪ સિંહોમાંથી ૩૦૦ થી વધુ સિંહો જંગલની બહાર છે. જંગલની બહારના સિંહોને પણ સુરક્ષીત રાખવા માટે અનેક નક્કર પગલા જરૂરી છે. અભયારણ્યની બહાર આવેલા રિઝર્વફોરેસ્ટના અનેક ટુકડાઓ આવેલા છે. તેની આસપાસ માલિકીના ડુંગરાઓ કે જ્યાં આટકાટના જંગલ છે. આ ડુંગરાઓ પર સિંહો વસવાટ કરે છે. ડુંગરાઓ, પડતર જમીન, આરએફએ જંગલમાં આવન-જાવન માટેના સિંહો માટે મુખ્ય કોરીડોર છે. છેલ્લા ઘણા સમયથી ડુંગરાઓ તથા પડતર જમીનોના વેંચાણ થવા લાગ્યા છે. ડુંગરા અને પડતર જમીનો ખરીદી ત્યાં ખેતી, ફાર્મહાઉસ કે રિસોર્ટ બની રહ્યા છે. જેનાથી બહારનો વિસ્તાર સિંહો માટે ઘટી રહ્યો છે. ખરા અર્થમાં ડુંગરાઓ કે પડતર જમીનની બહુ મોટી કિંમત હોતી નથી. પ્રોજેક્ટ લાયન અંતર્ગત સરકાર સિંહોની અવર-જવર વાળા વિસ્તારના ડુંગરા કે પડતર જમીનો ખરીદી કરી તેનું વન વિભાગને સંચાલન સોંપી દેવું જોઈએ. જેનાથી અભયારણ્યની બહાર લાંબાગાળાનું સિંહોનું અસ્તિત્વ ટકી રહે અને માનવ તથા સિંહ સહિતના વન્યપ્રાણીઓ વચ્ચે ઘર્ષણ પણ ઘટી શકે તેમ છે.

સરકાર હવે સિંહો માટે નવું અભયારણ્ય જાહેર કરી શકે તેવી કોઈ જગ્યા છે નહી. છેલ્લે વર્ષ ૨૦૦૮માં ગિરનારના જંગલને અભયારણ્ય તરીકે જાહેર કર્યા બાદ એક ઈંચ પણ જમીન અભયારણ્ય માટે આપેલ નથી. એક તરફ સિંહોની વસ્તી વધી રહી છે અને જંગલ વધી શકે તેમ નથી તેવા કિસ્સામાં બહારના ડુંગરા અને પડતર જમીનો કે જ્યાં સિંહો કોરીડોર તથા વસવાટ તરીકે ઉપયોગ કરે છે તેને ખરીદવા માટે જુજ રકમ ખર્ચ કરે તો સિંહોને ખુબ મોટો ફાયદો થાય તેમ છે. જો આવી જમીન ખરીદી કરે તો બહારના વિસ્તારમાં સિંહોના આવાસમાં વધારો થાય તેમ છે. જંગલની આસપાસના ડુંગરાઓ અને પડતર જમીનો એવી છે કે જે સિંહોને ખુબ માફક આવી ગઈ છે અને તેને આવાસ તરીકે તથા આવાન-જાવનના મુખ્ય કોરીડોર તરીકે ઉપયોગ કરે છે તેવું વન વિભાગના રેકર્ડ પર પણ નોંધાયેલું છે.

# ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતના વાતાવરણમાં થોડા અંશે પલટો

## ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતના વાતાવરણમાં થોડા અંશે પલટોઃ



અમદાવાદઃ ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષા અને વરસાદને કારણે ગુજરાતના વાતાવરણમાં થોડા અંશે પલટો આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મહત્તમ તાપમાનમાં ધીરે ધીરે ઘટાડો નોંધાયો છે તથા મહત્તમ તાપમાન સમાન્યથી નજીક પહોંચ્યું છે, પરંતુ લઘુત્તમ તાપમાન હાલમાં પણ યથાવત છે.આગામી ૨૪ કલાક દરમિયાન હજુ પણ મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ત્યાર બાદ તાપમાન યથાવત રહેશે. રાજસ્થાનની સિસ્ટમ અને ઉત્તર ભારતમાં હિમવર્ષાને કારણે ગુજરાતના વાતાવરણમાં આંશિક પલટો આવ્યો છે. મધ્ય ગુજરાતના ભાગોમાં ખાસ કરીને અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં છૂટા છવાયા વાદળો દેખાઈ શકે છે, પરંતુ વાદળો વાતાવરણના ઉપરીસ્તરમાં રહેશે.

હવામાન વિભાગની આગાહી મુજબ માર્ચ મહિનાના શરૂઆતના દિવસોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં જ ગરમીથી આંશિક રાહત મળી છે. પરંતુ બીજા સપ્તાહથી જ અંગદઝાળતી ગરમીનો અનુભવ ગુજરાતવાસીઓને કરવો પડશે. હજુ પણ આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં એકાદ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ત્યાર બાદ ૪૮ કલાક દરમિયાન ગુજરાતનું મહત્તમ તાપમાન યથાવત રહેશે. જ્યારે લઘુત્તમ તાપમાન આગામી ત્રણ દિવસ દરમિયાન યથાવત રહેવાની શક્યતા છે. સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૩૫.૫ ડિગ્રી નોંધાયું

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી કરતા ઓછું નોંધાયું હતું. પરંતુ સૌથી વધુ મહત્તમ તાપમાન સૌરાષ્ટ્રના રાજકોટમાં ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત કચ્છના કંડલામાં અમરેલીમાં અને સુરેન્દ્રનગરમાં ૩૫ ડિગ્રી કરતા વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અન્ય ત્રણ મહાનગરોમાં પણ મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. અમદાવાદમાં ગત રોજ ૩૪.૭ ડિગ્રી, વડોદરામાં ૩૪.૮ ડિગ્રી અને સુરતમાં ૩૩.૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.



# કેન્દ્ર-રાજ્યમાં સંકલનનો અભાવ : ગીરના જંગલોની આજુબાજુ ૩૦૦થી વધુ ધમધમતી હોટેલ ગેરકાયદે

**રાજ્ય સરકારના નિર્ણયોથી સર્જાઈ શકે છે મોટી મુશ્કેલીઓ: લગ્ન પ્રસંગ સહિતની પાર્ટીઓ અને ગેરકાયદેસર લાયન શો યોજાય છે તેના કારણે વન્ય પ્રાણીઓને ખલેલ પહોંચે છે. સુધારા ઠરાવ અમલમાં આવવાથી આ બધા એકમો કાયદેસર થઈ જશે તેમજ બીજા અનેક આવી પણ જશે**

સાસણમાં ૧૯૫૬ બાદ પ્રથમ વખત નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની બેઠક વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને આજે (૩જી માર્ચે) યોજાઈ રહી છે. ત્યારે સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના પૂર્વ સભ્યએ વન વિભાગની અનેક નીતિઓ સામે સવાલો ઊભા કરી દીધા છે.

મુખ્યત્વે, થોડા સમય પહેલા જ રાજ્ય સરકારે અભ્યારણની આસપાસ વાણિજ્યિક પ્રવૃત્તિઓને મંજૂરી માટેની જોગવાઈમાં જે સુધારો કર્યો તે વાસ્તવમાં સિંહો માટે નુકસાનકર્તા હોવાના સ્પષ્ટ નિર્દેશ સાથે વડાપ્રધાનનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આ મામલે વન્ય પ્રાણી સુરક્ષા અધિનિયમનો જ ખુદ સરકાર જ ભંગ કરતી હોવાનો પણ તેમણે આક્ષેપ કરતાં મામલો ગરમાયો છે.

વડાપ્રધાને ગુજરાત છોડ્યા બાદ તેમના ધ્યાનમાં નહીં હોય કે ગીર જંગલ તથા આજુબાજુના વિસ્તારમાંથી ગેસની પાઈપલાઈન, રેલવેનું ગેજ કન્વર્ઝન, ઈલેક્ટ્રિફીકેશન, મોબાઈલ ટાવર્સ, મોટા સોલાર પ્લાન્ટ, પવનચક્કી, રિઝર્વ ફોરેસ્ટમાં સફારી પાર્કની યોજનાઓ, ગેરકાયદેસર હોટલ અને રિસોર્ટ જેવી અનેક ચિંતાજનક ઘટનાઓ ઉપરા ઉપરી બની રહી છે એમ કહી સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના આ પૂર્વ સભ્ય ઉમેરે છે કે ખુદ વડાપ્રધાનને પણ આ સાંભળી દુઃખ થાય તેમ છે.

૧ જુલાઈ ૨૦૧૫ના ઠરાવ મુજબ અભ્યારણનીની બાઉન્ડ્રીથી એક કિલોમીટરનાં અંતરમાં કોઈપણ હોટલ, રિસોર્ટ કે વાણિજ્ય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે. હવે તા.૨૦ ફેબ્રુઆરીના સુધારા ઠરાવ હેઠળ આ બધી પ્રતિબંધિત પ્રવૃત્તિઓને કાયદેસરની મંજૂરી મળી જશે તેવો આક્ષેપ સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના પૂર્વ સભ્ય ભૂષણ પંડ્યાએ કર્યો છે.

છેલ્લા દસ વર્ષમાં ગીરની આસપાસના વિસ્તારોમાં હોમ સ્ટેના બહાના હેઠળ ૩૦૦ હોટલ્સ, રિસોર્ટ ગેરકાયદેસર ધમધમી રહ્યા છે. ત્યાં લગ્ન પ્રસંગ સહિતની પાર્ટીઓ અને ગેરકાયદેસર લાયન શો યોજાય છે તેના કારણે વન્ય પ્રાણીઓને ખલેલ પહોંચે છે. સુધારા ઠરાવ અમલમાં આવવાથી આ બધા એકમો કાયદેસર થઈ જશે તેમજ બીજા અનેક આવી પણ જશે.

જે સુધારા ઠરાવ કરવામાં આવ્યો તે ફોરેસ્ટ એક્ટ ૧૯૮૦ની જોગવાઈનું પણ ઉલ્લંઘન છે. વર્ષ ૧૯૫૬માં તે સમયની ઈન્ડિયન બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની મીટીંગ સાસણમાં યોજાઈ હતી. દેશભરના નેશનલ બોર્ડ ફોર લાઈફના નિષ્ણાંત સભ્યોને ખ્યાલ આવશે કે આ બધી ઘટનાઓ જાણે ઓછી હોય તેમ ગેરકાયદેસર હોટલ અને ઉદ્યોગોને અભ્યારણનીની સાવ નજીકમાં જ મંજૂરી આપવા માટેનો આ નવો સુધારો કરવામાં આવ્યો છે. આ ઘટનાથી સમગ્ર બોર્ડનું માથું પણ શરમથી ઝૂકી જાય તેમ છે. આવી તમામ બાબતોની સ્ટેટ બોર્ડ ફોર લાઈફના પૂર્વ સભ્યએ વડાપ્રધાન, મુખ્યમંત્રી, વન મંત્રી સહિતનાઓને રજૂઆત કરી છે કે તાત્કાલિક આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવામાં આવે તે સિંહનાં હિતમાં છે. વડાપ્રધાનના આગમન સમયે જ પૂર્વ સભ્યના પત્રથી વન વિભાગ અને ગીરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# ટ્રાવેલ સંચાલકની અવળચંડાઇ, પ્રયાગરાજથી રાજકોટ પરત ફરતા ૬૯ શ્રદ્ધાળુને અધવચ્ચે છોડી દઈ છેતરપિંડી આચરી

રાજકોટથી પ્રયાગરાજ જવા માટે શ્રદ્ધાળુઓએ રાજ હોલિડેના સંચાલક અમીતાબેન કિશોરભાઈ શાહનો સંપર્ક કર્યો હતો ત્યારે લીમડા ચોકમાં આવેલી જલિયાણ નામની ઓફિસે ગયા હતા ત્યાંથી પ્રયાગરાજ જવા માટે રૂ.૧૨,૫૦૦માં પેકેજ બુક કર્યું હતું. ૨૧ ફેબ્રુઆરીના રોજ બસ રાજકોટથી પ્રયાગરાજ જવા માટે ઉપડવાની હતી જેમાં ૨૮ શ્રદ્ધાળુઓએ બુકિંગ કરાવ્યું હતું, પરંતુ તે બસ ઉપડે તે પૂર્વે જ ૧૪ લોકોએ બુકિંગ કેન્સલ કરતા માત્ર ૧૪ શ્રદ્ધાળુ જ વધ્યા હતા. ૧૪ સહિત અન્ય ૫૫ મળી કુલ ૬૯ લોકોને પ્રયાગરાજ પહોંચાડી દીધા બાદ પરત ફરતી વખતે શ્રદ્ધાળુ બસ ઉપાડવાના સ્થળ પર



પહોંચતા સંચાલક અમીતાબેને કહ્યુ કે, આજે બસ નહીં ઉપડે કાલે ઉપડશે તેમ કહી બહાના બનાવ્યા હતા. બાદમાં શિવરાત્રિની આગલી રાત્રે બસ ઉપડવાની હતી તે પણ રદ થઈ હતી. બાદમાં ચેનકેન પ્રકારે બસની વ્યવસ્થા કરતા પ્રયાગરાજથી નીકળ્યા બાદ રસ્તામાં જ બસ રોકી દેવાઈ હતી. યાત્રાળુઓના કહેવા મુજબ બસના સંચાલકે દ્વારા ડીઝલના પૈસા ન આપતા અધવચ્ચે જ બસના પૈડાં થંભાવી દેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ઉત્તરપ્રદેશના લાલગંજ ગામ પાસે હાઈવે પર બે દિવસ ખાધા પીધા વિના શ્રદ્ધાળુઓને રાખવામાં આવ્યા હોવાનો શ્રદ્ધાળુઓએ આક્ષેપ કર્યો હતો. તેમજ બસના ડ્રાઈવર સહિતના આયોજકો ત્યાંથી નીકળી ગયા હતા અને શ્રદ્ધાળુઓના ફોન ઉપાડવાના પણ બંધ કરી દીધા હતા. ત્યારે શ્રદ્ધાળુઓની પોતાની સાથે છેતરપિંડી થયાનું માલૂમ પડતા આ અંગે કોઈ એક યાત્રીએ આ સમગ્ર બાબત રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહને કરતા તેમણે જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનરની મદદથી શ્રદ્ધાળુઓને રાજકોટ પરત લાવવા માટેની વ્યવસ્થા ગોઠવી હતી. જેથી તમામ શ્રદ્ધાળુઓ રાજકોટ પહોંચ્યા હતા.

# નાળિયેરના ઉત્પાદનમાં જૂનાગઢ જિલ્લો રાજ્યમાં નંબર ૧, દર વર્ષે ૨૩ કરોડ નાળિયેરનું ઉત્પાદન



ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર સાગરકાંઠા વિસ્તારમાં ૪૫.૬૧ લાખ હેકટરમાં ખેતી થાય છે.એમાંથી ૨૬,૦૦૦ હેકટર જમીનમાં તો નાળિયેરીનું વાવેતર થાય છે. આ જમીનમાંથી એકલા ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લાનો બન્નેનો મળીને કુલ હિસ્સો ૧૬,૩૦૦ હેકટર થવા જાય છે. એક હેકટર જમીનમાં ૧૩,૦૦૦ નાળિયેરનું ઉત્પાદન સરેરાશ આવે છે. આ રોકડિયા પાકને હાલ સરકારે નાળિયેરીની બીટી જાતને વેગ આપવા માટે સારા પ્રોત્સાહન આપવાનું ચાલુ કરતા જુનાગઢ જિલ્લામાં ૧૩૮ હેકટરમાં વાવેતરનો વધારો થયો છે.

જૂનાગઢ જિલ્લામાં કુલ નાળિયેરીનું વાવેતર ૬,૬૦૦ હેકટર છે. જયારે ગીર સોમનાથ જિલ્લામાં હાલ ૯,૭૦૦ હેકટર જમીનમાં નાળિયેરીના વાવેતર થયા છે. એમાં એકલા વેરાવળ પંથકમાં જ ૬,૫૦૦ હેકટર જમીનમાં વાવેતર છે.બાગાયતવિભાગ ગીર સોમનાથ જિલ્લામાં એક હજાર હેકટરમાં વાવેતર વધારવા સક્રિય બન્યો છે.

ગુજરાતમાં દર વર્ષે ૨૩ કરોડ નાળિયેરનું ઉત્પાદન થાય છે. એમાંથી એકલા સોરઠમાં ૧૭.૪૨ કરોડ નાળિયેર રાજય અને આંતરરાજયમાં જાય છે. જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારી વિશાલ હદવાણીના જણાવ્યા મુજબ જૂનાગઢ જિલ્લામાં ધાન્ય પાકો ઉપરાંત બાગાયત પાકો તરફ ખેડૂતોને આકર્ષણ વધ્યું છે. વંથલીમાં ચીકુંનું મોટું ઉત્પાદન છે તો સાથેસાથ જૂનાગઢ જિલ્લામાં નાળિયેરીને પણ મહત્વ આપવામાં આવે છે. ગીરસોમનાથ જિલ્લા બાગાયત અધિકારી અવનીબહેન દવેરા કહે છે કે ગીર સોમનાથમાં આંબાનું વાવેતર ૧૮૪૫૦ હેકટર છે. સાથેસાથ નાળિયેરીનું ૯,૭૦૦ હેકટરમાં વાવતેર થાય છે. હાલ ખેડૂતોમાં લોટણ, દેશી, ટીડી, હાઈબ્રિડ ડીટી ,ફોસેનોબા, બોના જેવી નાળિયેરીના પણ વાવતેર થાય છે.

આ બે જિલ્લાઓ ઉપરાંત ભાવનગર જિલ્લાના મહુવા અને દરિયાઈ વિસ્તારો, વલસાડ, કચ્છ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વાવતેર થાય છે. સરકારે નાળિયેરના વાવેતરને પ્રોત્સાહન આપવા માટે વાવેતર ઈન્સેટિવ્સ આપવાનું પણ ચાલુ કર્યું છે. અગાઉ એક હેકટરે રૂ. ૧૧,૭૦૦ નું પ્રોત્સાહન મળતું હતું. હવે સરકારે ચાર હેકટર સુધી આવુ પ્રોત્સાહન આપવાનું ચાલુ કર્યું છે એમાં પ્રતિ હેકટર રૂ. ૩૭,૫૦૦ લેખે કુલ મળીને રૂ. ૧.૫૦ લાખ અપાય છે. આ યોજના બીટી નાળિયેરી માટે છે.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડોમાં ભલે વેચાણ વ્યવસ્થા અલગ ન હોય પણ ખેડૂતોએ સ્વતંત્ર વેચાણ વ્યવસ્થા ઉભી કરી લીધી છે. માંગરોળમાં વાડીઓમાંથી જ સીધું વેચાણ થાય છે અને ટ્રકો ભરાઈને છેક મુંબઈ સુધી પહોંચી જાય છે. તો ચોરવાડ પાસેના કુકસવાડા તથા ગડુમા લીલા નાળિયેરોનો મોટો કારોબાર થાય છે. અન્યા રાજ્યોને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધી જતો હોવાથી સાઉથના લીલા નાળિયેર ખરીદવા પોષાતા નથી.

આથી સૌરાષ્ટ્રના લીલા નાળિયેરના વાર્ષિક વેચાણનો આંકડો કરોડોએ આંબી જાય છે. એમાં યે ગડુથી ચોરવાડ જતાં કાણેક સુધી એ પછી ચોરવાડથી માંગરોળ જતા અને કેશોદ તરફથી માંગરોળ જતા વખતે માનખેત્રાથી માંગરોળ સુધીના વિસ્તારમાં કોઈ જાય તો એને દ.ભારતમાં પહોંચી ગયાનો અહેસાસ થાય છે. આવી જ રીતે માધવપુરથી પોરબંદરના પટ્ટામાં પણ અનેક જગ્યાએ મનમોહક નાળિયેરીઓ મન મોહી લે છે.

# બજારમાં કેરીનું આગમન : લાલબાગ હાફુસ રૂ.૪૦૦-૭૦૦ની કિલો

### ૧૫ દિવસ આવક મોડી ધુળેટી બાદ મોટા પ્રમાણમાં માલની આવક શરૂ થશે એપ્રિલ માસમાં કેસર કેરી આવશે



રાજકોટ,તા.૩

ફળોનો રાજા કેરીનું બજારમાં આગમન થઈ ચુકયુ છે. છેલ્લા ૪ દિવસથી યાર્ડમાં કેરીની આવક શરૂ થઈ છે પરંતુ દર વર્ષની સરખામણીએ આ વર્ષે આવક ૧૫ દિવસ મોડી શરૂ થઈ છે હાલ યાર્ડમાં ૪૦ થી ૫૦ બોકસ કેરીના આવી રહ્યા છે. ત્યારે લોકલ બજારમાં પણ કેરીનું વેચાણ શરૂ થઈ ગયું છે.

રાજકોટની ફ્રુટ માર્કેટમાં કેરીનું વેચાણ શરૂ થઈ ગયુ છે. ઉનાળામાં કેરીનું સેવન સૌથી વધારે થાય છે. હાલ બજારમાં રત્નાગીરીની હાફુસ કેરીની આવક આવી રહી છે. પરંતુ તેમાં પણ મધ્યમ કવોલીટીની કેરી આવી રહી છે. કિલોના ભાવ રૂ.૪૦૦ થી ૭૦૦એ વહેચાય રહી છે.પાંચ કિલોનું બોકસ રૂ.૧૫૦૦માં વહેચાય રહ્યુ છે. વેપારીઓનુ કહેવુ છે કે આ વખતે કેરીની આવક મોડી છે.૧૫ દિવસ આવક મોડી શરૂ થઈ છે. છેલ્લા ૪ થી ૫ દિવસની બજારમાં કેરીનું વેચાણ શરૂ થયું છે.યાર્ડમાં હાલ રોજ ૪૦ થી ૫૦ બોકસની આવક થઈ રહી છે. આ કેરી મહારાષ્ટ્રના રત્નાગીરીથી થઈ રહી છે. આગામી ૧૦ દિવસ બાદ કેરીની આવકમાં વધારો થશે. આ વર્ષે કરીની આવક મોડી શરૂ થતો લોકોને પણ તેનો સ્વાદ મોડો ચાખવા મળશે હાલ ભાવ વધુ હોવાથી ખરીદી પણ પણ નહીવત છે.

આગામી સમયમાં જેમ જેમ આવક વધશે તેમ તેમ ભાવ નીચા આવશે ધુળેટીબાદ જ મોટા પ્રમાણમાં કેરીની આવક શરૂ થશે. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં અનિશ્ચતા જોવા મળી રહી જેના કારણે કેરીના ફુલ પર અસર થશે.એપ્રિલ માસમાં કેસર કેરીની આવક શરૂ થશે વેપારીઓનું કહેવુ છે કે આ વખતે કેરીની આવક ઓછી થશે આથી ભાવ પણ ઉંચા રહેશે.

# રાજકોટ શહેરમાં મકાન ભાડે આપતા અગાઉ સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા સૂચના

રાજકોટ:રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા તથા મકાન ભાડે રાખીને રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, ઔદ્યોગિક એકમો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપતા માલિકો, સંચાલકો માટે રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા એ પ્રતિબંધાત્મક હુકમો જાહેર કર્યા છે.

જે મુજબ કોઈ ઔદ્યોગિક એકમો, મકાનો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજના માલિકો/સંચાલકો ખાસ સત્તા જયારે ઔદ્યોગિક એકમો, મકાનો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા વિના કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપનાર તથા રાખનારે નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાર કરાવવાના રહેશે. બંનેના ફોટા સાથેના ભાડા કરારની નકલ તેમજ ભાડે આપેલા મકાનની વિગત, ભાડુઆત અને જેઓએ ભાડુઆતની ઓળખાણ આપી હોય, તે તમામની જરૂરી વિગતો નિયત કરેલા પત્રકમાં જરૂરી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે. તેમજ સીટીઝન પોર્ટલ, સીટીઝન ફર્સ્ટ એપ્લીકેશન મારફતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ હુકમ તા. ૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જિલ્લામાં ગામ દીઠ એક તળાવનો જિ.પં.ની સામાન્ય સભામાં ઠરાવ કરવા પૂંવ પ્રમુખ ભુપત બોદરની માંગ

## નવનિયુકત ડીડીઓ સાથેની શુભેચ્છા મુલાકાતમાં રજૂઆત

રાજકોટ,તા.૩

જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રાજકોટ જિલ્લા પંચાયત પૂંવ પ્રમુખ ભુપતભાઈ બોદર દ્વારા આજ રોજ રાજકોટ જિલ્લા પંચાયત ના નવનિયુક્ત ડીડીઓ શ્રી અનંદુ સુરેશ ગોવિંદ સાથે શુભેચ્છા મુલાકાત કરી આગામી સમાન્ય સભા માં ધ્યાને લેવા જેવી ગ્રામ્ય જનતા ને લગત મહત્ત્વ ની બાબતો અંગે યોગ્ય કરવા રજૂઆત કરી.

ભૂપતભાઈ બોદરે પોતાના પ્રમુખ તરીકે ના કાર્યકાળ દરમ્યાન મારું ગામ પાણી વાળું ગામયોજના અમલમાં મૂકેલી જે અંતર્ગત રાજકોટ જિલ્લા નું દરેક ગામ પાણી ની બાબત માં આત્મનિર્ભર બને તે માટે પ્રયાસો કરેલ જે અંતર્ગત આજરોજ રાજકોટ જિલ્લામા અંદાજે ૬૦૦ જેવા ગામોને ઘણાખરા અંશે ઉનાળા દરમિયાન પીવાના પાણી તથા ખેતી માટે સિંચાઈના પાણી ની અછત રહે છે.

આ તમામ ગામોમા ગામ દીઠ એક તળાવ બનાવવા માટે અને હાલ સૌની યોજનાઓ ની વિવિધ લીંકો દ્વારા આ નવનિર્મિત તળાવો ને ભરવા ની પણ મોટાભાગ ના વિસ્તારો માં વ્યવસ્થા પણ છે ત્યારે એક તળાવ માટે રકમ રુ.૨૫ લાખ લેખે સરકારમા અંદાજે કુલ રકમ રુ. ૧૫૦ કરોડ જેટલી ગ્રાન્ટની માંગણી કરતો ઠરાવ સામાન્ય સભામા કરવા તેમજ આ તમામ જિલ્લા ના ગ્રામ્ય વિસ્તારોમાં કોઇક જગ્યાએ ગૌચર કે કોઇક જગ્યાએ સરકારી ખરાબા ની અથવા ગામતળ પર નાના મોટા દબાણો થયેલ હોય છે.

જેના લીધે ઘણી વાર સ્થાનીક લેવલે પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેને પરિણામે ગ્રામ્ય વિસ્તારમા લોકો વચ્ચે નાના



મોટુ ઘર્ષણ થાય છે.જેથી તમામ ગ્રામ પંચાયતમા સરપંચશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી દ્વારા આનો નિષ્પક્ષ સર્વે કરી માહીતી આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામા કરવા અંગે રજુઆત કરી અત્રે નોંધનીય છે કે ભુપતભાઈ બોદરે પોતાના કાર્યકાળ દરમ્યાન જે ગ્રામપંચાયત ના સરપંચ અને તલાટી દ્વારા ખરાબા અને ગામતળ ની માપણી કરી આપવા માંગણી કરવામાં આવે તો ડીએલઆર કચેરી તરફથી ફ્રી માં માપણી કરી આપવા માટે કલેકટર શ્રી સમક્ષ રજૂઆત કરી અને આ અંગે મંજુરી પણ મેળવેલ હતી.વધુમાં રજૂઆત કરતા જણાવેલ કે હવેના સમયમા ઉનાળા ની શરુઆત થઈ ગયેલ હોય ગ્રામ્ય વિસ્તાર ના પશુ અને પક્ષિઓ માટે દરેક ગ્રામ પંચાયત પીવાના પાણીની યોગ્ય વ્યસ્થા કરે તે માટે દરેક ગ્રામ પંચાયત ને સુચના આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામા કરવા માટે તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનનુ નિર્માણ કામ હાલ શરુ હોય આ વિસ્તાર ડો.યાજ્ઞિક રોડ જેવા પોશ અને કોમર્શિયલ વિસ્તાર માં હોય આ રોડ પર જિલ્લા પંચાયત હસ્તક દુકાનો બનાવવા માટે આયોજન અને જોગવાઈ કરવી.

જેથી આ ભાડાની સ્વભંડોળ માં આવક થાય જિલ્લા પંચાયત માટે માટે કાયમી આવકનો સ્ત્રોત બની શકે અને આ સ્વભંડોળ ની આવક થકી રાજકોટ જિલ્લાના વિવિધ વિકાસના કામો વધુ ઝડપથી હાથ ધરી શકાય જે અંગે આગામી સામાન્ય સભામાં ઠરાવ કરવા અંગે રાજકોટ જિલ્લા પંચાયતના પૂંવ પ્રમુખ ભુપતભાઈ બોદરે રજૂઆત લેખિત માં ડીડીઓ સમક્ષ આ મુલાકાત દરમ્યાન કરી હતી આ મુલાકાત દરમ્યાન ભુપતભાઈ બોદર સાથે જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા પણ સાથે ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજકોટ શહેરમાં એ.ટી.એમ., મોલ સહિતના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સૂચના

રાજકોટ:રાજકોટ શહેરમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એ.ટી.એમ., મોલ, રેસ્ટોરાં સહિતના સ્થળે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામા મારફત ફરમાન કર્યું છે. જે મુજબ, તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના ઝવેરાત વેચનાર દુકાનો, શોરૂમ, તથા શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ સેન્ટર, કોમર્શિયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરાં, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બૉર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આંગડિયા પેઢીના વ્યવસાયિકો તથા હોટેલ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોના પ્રવેશદ્વારો ઉપર પુરતા પ્રમાણમાં તાલીમબદ્ધ સિક્યોરિટી ગાર્ડને મેટલ ડીટેકટર સાથે ફરજ પર નિયુકત કરવાના રહેશે. ઉપરાંત, પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગ તથા જાહેર જનતા માટેના પ્રવેશની તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં ગેઈટવાઈઝ સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય અને વાહનના નંબર વાંચી શકાય તેવા તથા બિલ્ડીંગના બહારના ભાગે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે. આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા 30 દિવસ સુધી સાચવવાના રહેશે.

આ કેમેરા સતત ૨૪ કલાક સુધી ચાલુ રહે, તે જોવાની જવાબદારી માલિકો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓની રહેશે. પોલીસ દ્વારા જયારે જયારે સી.સી.ટી.વી. ફૂટેજ માંગવામાં આવે ત્યારે ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફૂટેજ આપવાના રહેશે. મોલ પાર્કિંગમાં વાહન, પેસેન્જર, સામાન ચેકિંગ તેમજ મોલમાં આવનાર લોકો અને તેમના સામાનની પ્રવેશદ્વારે ચકાસણીની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી મોલ માલિકની રહેશે. મોલ માલિકોએ પ્રતિબંધિત સામાન, સ્ફોટક પદાર્થો ન આવે તે કાળજી રાખવા તથા તે માટે સ્નિફર ડોગની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. સી.સી.ટી.વી. કેમેરાની અને સિકયોરિટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉકત એકમોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિથી દિન-૭માં કરવાની રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ આદેશો તા.30/04/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કરનાર શિક્ષાને પાત્ર થશે.

### ખેલ સહાયકની ભરતી

# પ્રાથમિક શાળામાં ખેલ સહાયક માટે ૭ માર્ચ સુધી અરજી કરી શકાશે

રાજકોટઃ શિક્ષણ વિભાગે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખેલ સહાયકની ભરતી કરવા માટેની જાહેરાત બહાર પાડીને તેના ઓનલાઈન ફોર્મ ભરવાનું પણ શરૂ કરી દેવાયું છે. ૧ માર્ચથી શરૂ થયેલી રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં ઉમેદવારો ૭ માર્ચ સુધી અરજી કરી શકશે. ૧૧ માસના કરાર પર થનારી આ ભરતીમાં પસંદ થનાર ઉમેદવારને માસિક રૂ.૨૧ હજાર પગાર મળશે. ખેલ સહાયક માટેની વયમર્યાદા ૩૮ વર્ષની રાખવામાં આવી છે.

ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખેલ સહાયક યોજના માટે શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ શાળા કક્ષાએ કરાર આધારિત ભરતી માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવવાનું આયોજન કરાયું છે. ખેલ સહાયક માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઇન અરજી કરવાની તારીખ ૭ માર્ચ, ૨૦૨૫ સુધીની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી વેબસાઇટ પર જઇ કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલી જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ તથા માર્ગદર્શિકા વાંચી લેવાની રહેશે.ખેલ સહાયક માટેની અરજીઓ રાજ્યકક્ષાએ, જિલ્લાકક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. તદઉપરાંત આવી મોકલેલી અરજીઓ માન્ય ગણાશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જ્યારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓનલાઇન કરેલી અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્સ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે. વધુ માહિતી માટે ઉમેદવારે ખેલ સહાયકની વેબસાઇટ જોવી.

# રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા નવા બનનાર ચેકડેમનું ખાતમુહૂર્ત

## જળ સંરક્ષણના કાર્યોની રાજયપાલ શુભેચ્છા મુલાકાત લેશે ખેડૂતો, સમાજ શ્રેષ્ઠીઓને પ્રાકૃતિક ખેતીમાં પાણીનું મહત્વ અને તેનું યોગ્ય જતન કરવા અંગે આપશે માર્ગદર્શન

રાજકોટ, તા.૩

વૈશ્વિક સ્તરે જળ, પશુ-પક્ષી, જીવજંતુ અને જનની સુખાકારી માટે કાર્ય કરતી સંસ્થા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા કાલાવડ રોડ, કટારીયા ચોકડી પાસે, રાજકોટ ખાતે બનાવવામાં આવનાર ચેકડેમનું તા.૪ માર્ચને મંગળવારના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રત ખાતમુહૂર્ત કરશે તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રીના સ્મરણાર્થે બાલાજી વેફર્સના વિરાણી પરીવારના અનુદાનથી બનાવેલ હીરાબા સરોવરની પણ મુલાકાત લેશે.




ત્યારબાદ કાલાવડ રોડ, કોસ્મોપ્લેક્સ સિનેમાની પાછળ આવેલ પેરેડાઈઝ હોલ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો, ઉધોગપતિઓ, દાતાઓ, સમાજ શ્રેષ્ઠીઓને પ્રાકૃતિક ખેતીમાં અને જીવનમાં વરસાદી શુધ્ધ અમૃત સમાન પાણીનું મહત્વ અને પાણીનું યોગ્ય જતન કરવા અંગેનું માર્ગદર્શન આપશે.

રાજયપાલ આચાર્ય દેવવ્રત ગુજરાતભરમાં ભ્રમણ કરીને અત્યાર સુધીમાં ૯ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળી પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા આપી અને ખેડૂતોને તે તરફ વાળ્યા છે. જેથી સમગ્ર જીવસૃષ્ટિની રક્ષા સાથે ખેડૂતોની આવકમાં વધારો અને ભારત દેશની આર્થિક સમૃધ્ધિમાં વધારો થઈ રહ્યો છે. પાણી બચાવોની જે ઝુંબેશ ઉઠાવેલ છે, તેને વધુ પ્રોત્સાહન મળે તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરેલ છે.

અત્યાર સુધીમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૫૦ થી વધુ ચેકડેમોનું કામ પૂર્ણ કરેલ છે. બાલાજી વેફર્સના વિરાણી પરિવાર દ્વારા કાલાવડ રોડ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રીના નામનું હિરાબા સરોવર આજે પણ ઓવરફ્લો થઈ રહ્યું છે, તથા કાલાવડ રોડ પર તેમજ રાજકોટ શહેરમાં રૈયા રોડ થી નાનામવા વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૧ થી વધુ વિશાળ ચેકડેમો બનાવવામાં આવેલ છે.

ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ૧૧,૧૧૧ ચેકડેમો તથા ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. જે પૈકી ૨૫૦ ચેકડેમ તથા ૧૨૫ જેટલા રીચાર્જ બોર થઈ ગયેલ છે.

## અગાઉ છેડતી કરનારે એજ મહિલા પાસે જઇ બીભત્સ ઈશારા કર્યા

રાજકોટ તાબેના સણોસરામાં રહેતી મહિલા પોતાના પુત્રને ગામના ગેટ નજીક સ્કૂલ બસમાં મૂકવા ગઇ હતી ત્યારે ગામમાં જ રહેતા ઇસમે તેનો પીછો કરી મહિલાની નજીક જઇ બીભત્સ ઈશારા કર્યા હતા. આ ઇસમે અગાઉ આ મહિલાની છેડતી પણ કરી હતી. સણોસરા ગામમાં રહેતી ૩૦ વર્ષની મહિલાએ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સણોસરાના જ ઇલ્યાસ રહીમ શેરસિયાનું નામ આપ્યું હતું. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં સાત વર્ષનો પુત્ર છે. પુત્ર રાજકોટની એક શાળામાં ધોરણ-૧માં અભ્યાસ કરે છે. બાળકને તેડવા મૂકવા માટે શાળાની બસ આવે છે. શુક્રવારે સવારે મહિલા તથા તેની જેઠાણી તેના બાળકોને સ્કૂલ બસે મૂકવા જતા હતા ત્યારે ઇલ્યાસે બાઇકમાં ફરીથી મહિલાનો પીછો શરૂ કર્યો હતો અને ગામના ગેટ પાસે મહિલા ઊભી રહી હતી ત્યારે તેની નજીક જઇ મહિલા સામે બીભત્સ ઈશારા કર્યા હતા. મહિલાએ જણાવ્યું હતું કે, આ ઇલ્યાસે અગાઉ તેની છેડતી કરી હતી અને તે સમયે ઇલ્યાસ સામે પોલીસ ફરિયાદ પણ કરી હતી.

# લગ્નગાળો પૂરબહારમાં : રાજકોટ બસપોર્ટ પર દૈનિક એક લાખ મુસાફરોની અવર-જવર

### છેલ્લા એક માસ કરતા વધુ સમયથી રાજકોટ વિભાગને ફળતી લગ્નગાળાની સિઝન : દૈનિક આવકમાં રૂ.૫ લાખ, રૂટિંગ ટ્રાફિકમાં ૨૦ ટકાનો વધારો : રોજે – રોજ ૮૦ ટકા એડવાન્સ બુકીંગ મોટાભાગનાં રૂટો ફુલ






રાજકોટ,તા.૩

છેલ્લા એકાદ માસ કરતા વધુ સમયથી રાજકોટ સહિત રાજયભરમાં વ્યાપક લગ્નગાળો જામ્યો છે અને લગ્ન ગાળાનો સીધો ફાયદો એસ.ટી.નિગમને થઈ રહ્યો છે.દરેક ડિવીઝનની દૈનિક આવક અને ટ્રાફિકમાં ભારે વધારો નોંધાઈ રહ્યો છે. અને મોટા ભાગનાં રૂટોની બસો ફુલ દોડી રહી છે.

ત્યારે રાજકોટ એસ.ટી.વિભાગની જ વાત કરીએ તો આ લગ્નગાળાની સિઝન રાજકોટ વિભાગને પણખુબ ફળી છે. અને છેલ્લા એકાદ માસથી ચિક્કાર ટ્રાફિક સાથે જંગી દૈનિક આવક પણ થઈ રહી છે.

આ અંગે રાજકોટ એસ.ટી.વિભાગનાં વિભાગીય નિયામક જે.બી.કલોત્તરાનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું. કે નિગમ ગાળાનાં પગલે રાજકોટ વિભાગની દૈનિક આવકમાં રૂ.૫ લાખનો વધારો થઈ ગયો છે. જયારે રૂટિન ટ્રાફિક પણ ૨૦ ટકા વધી ગયો છે. અને દૈનિક એડવાન્સ બુકીંગ પણ ૮૦ ટકા જેટલુ થઈ રહ્યું છે.

વધુમાં કલોત્તરાએ જણાવેલ હતુંકે છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી રાજકોટ વિભાગની દૈનિક આવક રૂ.૬૫ થી ૭૦ લાખ થઈ રહી છે.અને રોજે એસ.ટી.બસપોર્ટ ઉપર એકલાખ જેટલા મુસાફરો અવર-જવર કરી રહ્યા છે. ઉપરાંત રૂટિગ ટ્રાફિકમાં પણ ૨૦ ટકાનો વધારો થઈ ગયો છે.

દૈનિક આવકમાં પણ ૧૫ ટકા જેટલો વધારો નોંધાઈ રહ્યો છે.આ ઉપરાંત હાલમાં બસપોર્ટ ઉપર જામનગર, જૂનાગઢ, વેરાવળ, અમદાવાદ, અમરેલી, ભાવનગરનાં રૂટોની બસોમાં સૌથી વધુ ટ્રાફિક દેખાઈ હ્યો છે.

એડવાન્સ બુકીંગ અંગે શ્રી કલોત્તરાએ જણાવેલ હતું કે દૈનિક ૮૦ ટકા જેટલુ એડવાન્સ બુકીંગ પણ થઈ રહ્યું છે. અને જરૂર પડયે ગમે તે રૂટો ઉપર વધારાની બસો મૂકવાની પણ તૈયારી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# જાયન્ટ્સ યુનિટ ૮ની સંયુક્ત શપથવિધિ અને પદગ્રહણ સમારોહ ગાંધીધામ ખાતે યોજાયો

ગાંધીધામ, તા. ૩ઃ જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩ બી સાથે જોડાયેલા જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીધામ મારવાડીના પ્રમુખ સુનિલભાઈ બજાજ, જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીધામ સાહેલીના પ્રમુખ ગીતાબેન બલદાણીયા, જાયન્ટ્સ ગ્રુપ ઓફ અંજાર મેઈન ના પ્રમુખ ફાલ્ગુનીબેન સોમૈયા અને જાયન્ટ્સ ગ્રુપ ઓફ અંજાર ટીચર્સ ગ્રુપના પ્રમુખ કામિનીબેન ધોળકિયા યુનિટ ૮મા આવતા ચાર ગ્રુપની સંયુક્ત શપથવિધિ અને પદગ્રહણ સમારોહ યુનિટ ડાયરેક્ટર શ્રીમતી ઈશાનીબેન ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ હોટલ ફન એન્ડ ફૂડ ગાંધીધામ ખાતે યોજાયો. શાબ્દિક સ્વાગત અને પ્રસંગ પરીચય યુનિટ ડાયરેક્ટર શ્રીમતી ઈશાનીબેન ગોસ્વામીએ કર્યું હતું. ચારે ગ્રુપના પ્રમુખશ્રી અને કારોબારી સભ્યોને જાયન્ટસ રત્ન માન.તેજાભાઈ કાનગડ શ્રી મુકેશભાઈ પાઠક અને યુ.ડી શ્રીમતી ઈશાનીબેન ગોસ્વામીએ શપથ ગ્રહણ કરાવ્યા હતા.





આ પ્રસંગે ફેડરેશન પ્રેસિડેન્ટ મુકેશભાઈ પાઠક અને ઈશાનીબેન ગોસ્વામી ના હસ્તેટ્રેનિંગ મોડ્યુલ અને કીટ વિતરણ કરવામાં આવી હતી.

મહંત પુજ્ય ત્રિકમદાસજી મહારાજે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો જીવદયા અને માનવ સેવાના કાર્યો કરવા મંદિર તરફથી સંસ્થાને મદદરૂપ થવા આશીર્વાદ આપ્યા હતા. જાયન્ટ્સ રત્ન શ્રી તેજાભાઈ કાનગડએ ચારે ગ્રુપને નાવિન્યપૂર્ણ પ્રોજેક્ટ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીધામના ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ મહેશભાઈ પુંજ થતા સેન્ટ્રલ કમિટી મેમ્બર નિષદ ભાઈ મહેતા ફેડરેશન વાઈસ પ્રેસિડેન્ટ યોગેશચંદ્ર ત્રિવેદી, યુનિટ ડાયરેક્ટર અને સોશિયલ મીડિયા ઓફિસર યોગેશ કુમાર મહેતા ફેડ.કો.ઓડિનેટર ડો. મધુકાન્ત આચાર્ય અને સાહેલી ઈનચાર્જ શોભનાબેન વ્યાસ હાજર રહ્યા હતા ફેડરેશન પદાધિકારીઓએ નવનિયુક્ત પ્રમુખશ્રી તથા યુનિટ ડાયરેક્ટર શ્રી નું સન્માન કરી આગામી બેસ્ટ પ્રોજેક્ટ અને પ્રોગ્રામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓમ પ્રકાશ સરિયાલા જ્યારે આભાર વિધિ શ્રી સુનીલ બજાજે કરી હતી.




જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીધામ સાહેલી ૨૦૨૫ના વર્ષના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી. પ્રમુખ તરીકે ગીતાબેન બલદાનીયા, મંત્રી શ્રીમતિ નયનાબેન ઠક્કર, ઈન્ટરનલ ઉપપ્રમુખ તરીકે શ્રીબેન આહીર, એકસટનલ ઉપપ્રમુખ ગૌરીબેન ઠક્કર, ખજાનચી દર્શનાબેન ઠક્કર,આઈ.પી.પી હંસાબેન ઠક્કરની સર્વાનુમતે વરણીને યુનિટ ડાયરેકટર શ્રીમતી ઈશાનીબેન ગોસ્વામીને વધાવી હતી આગામી લોક ઉપયોગી પ્રોજેક્ટ્સ અને પ્રોગ્રામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશભાઈ પાઠકે સાહેલી ગ્રુપ ગાંધીધામની નવી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# દેવોને દુર્લભ સંયમ પામનાર દીક્ષાર્થી દર્શનકુમારના હસ્તે વરસીદાનથી ભાવિકો ધન્ય બન્યા



સાવરકુંડલા, તા. ૩ઃ યુવાપ્રણેતા પૂ. જયેશમુનિ મ. સા. ની દીક્ષા રજત જયંતિ પ્રસંગે ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ. સા. સહિત સહુએ શુભેચ્છા પાઠવ્યા બાદ ગલી ગલીમાં કૂતરાને રોટલા માટે આંઠ લાખનું દાન દાતાઓએ જાહેર કરતાં અન્નદાન મહાદાનથી કડવીબાઈ શામજી વિરાણી ઉપાશ્રય ગુંજી ઉઠયો હતો. મુખ્ય લાભ અમિશા અનુર્વ કામદાર અને જ્યોતિબેન બટુકભાઈ શાહ એ લીધેલ. દાતાઓનું સન્માન પાળિયાદ સંઘ કમિટીના હસ્તે કરવામાં આવેલ. આજે તા. ૨ને રવિવારે સવારે ૮ઃ૧૫ કલાકે મહાભિનિષ્ક્રમણ વરઘોડો દીક્ષાર્થીના નિવાસેથી મુખ્ય માર્ગે થઈ ફૂલવાડીમાં પૂર્ણ થયા બાદ ૯ઃ૧૫ કલાકે માણેક - નૂતન સમોસરણમાં દીક્ષામંત્રનો પ્રારંભ થશે. દીક્ષાર્થીના પાંચ આભૂષણનો ચડાવો અને નામકરણ વિધિ કરાશે. વડી દીક્ષા બોટાદ ગાદીના ગામે ઉજવાશે. પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૭ના સાવરકુંડલા લલુભાઈ આરોગ્ય મંદિરમાં અને તા. ૮ના ઉપાશ્રય પધારશે. તા. ૯ના રવિવારે સવારે ૯ઃ૩૦ કલાકે ગોપાલગ્રામમાં વિમલ વૈયાવચ્ચ ભવનના ઉદઘાટન પ્રસંગે નિશ્રાપ્રદાન કરશે.

# રાજકોટ શહેરમાં અવાજનું પ્રદૂષણ ફેલાવવા અંગે પ્રતિબંધાત્મક આદેશ

રાજકોટઃ રાજકોટ શહેરમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે માઈક સીસ્ટમવાળાઓએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો મુજબ ધ્વનિ પ્રદૂષણ નિયમો અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે, તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સામાન્ય રીતે, તહેવારો દરમિયાન તેમજ લગ્નપ્રસંગો અને મેળાવડા દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી તેમજ રહેણાંક વિસ્તારમાં થઇ રહેલી ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવરજવર તેમજ હોર્ન વગાડવાના કારણે અને બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાતુ જોવા મળે છે. આથી, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ અવાજનું પ્રદૂષણ ફેલાવવા ઉપર પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે. જે મુજબ માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની નજીકમાં આવેલી ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં. વધુમાં, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઇ શકે નહીં. કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગાયનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમોનો અમલ કરવા તેમજ નાચગાન, ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

| | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| એરીયા કોડ વિસ્તાર | | સવારના કલાક ૬/00 થી રાત્રીના કલાક ૨૨/00 સુધી | રાત્રીનાકલાક ૨૨/00 થી સવારના કલાક ૬/00 સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

# રાજકોટ એઈમ્સ હોસ્પિટલના નવા ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કર્નલ અંકુર પ્રતાપસિંહે ચાર્જ સંભાળ્યો



રાજકોટ, તા.૧

રાજકોટ એઈમ્સ હોસ્પિટલના નવા ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કર્નલ અંકુર પ્રતાપ સિંહે ચાર્જ સંભાળ્યો છે. આ તકે કલેકટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ અને ડી.એચ.ઓ.એ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત વેળાએ કલેકટરે આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સ દ્વારા હેલ્થકેર ફેસિલિટી આપવા અને સંશોધન પર ભાર મુક્યો હતો. હોસ્પિટલમાં તમામ વિભાગો અને અદ્યતન બિલ્ડીંગની મુલાકાત કરી હતી.

એઈમ્સમાં ઉપયોગી વિવિધ સાધનો, દવાઓનો સ્ટોક તેમજ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ સુવિધાઓ સહિતની જાણકારી અધિકારીઓએ મેળવી હતી. અને વધુને વધુ સારું કાર્ય થાય તે બદલ અભિવાદન પાઠવ્યા હતા. ઉલ્લેખનિય છે કે, કર્નલ ડો. સી. ડી.એચ. કટોચેએ ચાર્જ છોડ્યા પછી લાંબા સમયથી પદ ખાલી હતું. જ્યાં હવે કેન્દ્ર સરકાર દ્વારા નિમણુંક થઈ છે.

# બી ડીવીઝન પોલીસની પ્રશંસનીય કામગીરી



## સાયબર ફ્રોડનો ભોગ બનેલ ૧૩ લોકોના રૂા.૨.૯૦ લાખ પરત કરાયા

રાજકોટ તા.૧

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ રાજકોટના ૧૩ અરજદારોને સાયબર ફ્રોડમાં ગુમાવેલ પૈસા પરત કરવામાં આવ્યા હતા. રાજકોટ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનની સાયબર ટીમે રૂા.૨૯૦૬૪૬ની રકમ અરજદારોને પરત કરી. છેલ્લા કેટલાક સમયથી સાયબર ફ્રોડ વધી રહ્યા છે ત્યારે રાજકોટના સાયબર ફ્રોડનો ભોગ બનનાર ૧૩ લોકોને આજે તેમના પૈસા પરત કરવામાં આવ્યા હતા. જેમાં વિજયભાઈ રઘાભાઈના રૂા.૫૧૦૦૦, દ્રવિડ અરવિંદભાઈના ૩૬૦૫૬, અમીતભાઈ કાંતીભાઈના રૂા.30000, રાજેન્દ્રભાઈ ઠકકરના રૂા.૨૨૦૦૦, પાર્થભાઈ નિતેશભાઈના રૂા.૧૯૫૦૦ સહિત ૧૩ લોકોના પૈસા પરત કરાયા હતા. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર એસ.એસ.રાણે, સબ ઈન્સ્પેકટર એ.બી.ચૌધરી, કોન્સ્ટેબલ પુજાબેન વાળા, સંગીતાબેન ચાવડા, કાજલબેન મોલીયાએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા ‘‘વિશ્વ શ્રવણ દિવસ‘‘ની ઉજવણી કરાશે



રાજકોટઃ દર વર્ષે ૩ માર્ચ-વિશ્વ શ્રવણ દિવસ તરીકે વિશ્વ ભરમાં ઉજવવામાં આવે છે. જેનો હેતુ બહેરાશ અને સાંભળવાની ખોટની સમસ્યા વિશે જાગૃત્તિ લાવવા તેમજ કાન અને સાંભળવાની સમસ્યાનું નિરાકરણ માટેનો હોય છે.

જે અન્વયે રાજકોટ જિલ્લામાં પણ ૩જી માર્ચે ‘‘વિશ્વ શ્રવણ દિવસ‘‘ની ઉજવણી કરાશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વોકાથોન, રેલીઓ, વગેરે કાર્યક્રમ યોજાય છે જેમાં સ્થાનિક અગ્રણી અને પ્રભાવશાળી વ્યક્તિઓ જોડાઈને આ કાર્યક્રમ વિશે જનજાગૃત્તિ લાવી શ્રવણ મૂલ્યાંકન ઝુંબેશમાં સામેલ થશે. નાટકો, ઓડિયો-વિઝ્યુઅલ દ્વારા લોકોમાં માહિતી પ્રસારિત કરવામાં આવશે. શાળાઓ કોલેજો અને યુનિવર્સિટીઓમાં હેડફોનના સુરક્ષિત ઉપયોગ અંગે જાગૃતિ કેળવવામાં આવશે. અવાજનું પ્રદૂષણ ફેલાવતી સંસ્થાને અલગ તારવી તેની નિયમિત તપાસ કરી ઝુંબેશ ચલાવી અવાજનું પ્રદૂષણ ઘટે તેવા પ્રયત્નો કરાશે.

તમામ તાલુકાઓ, પ્રાથમિક આરોગ્ય કેંદ્રો, અર્બન આરોગ્ય કેંદ્રો તેમજ આયુષ્માન આરોગ્ય મંદીરો દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આ અંગેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. ‘‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ‘‘ અંતર્ગત પ્રાથમિક શાળાઓના બાળકોની કાનની તપાસ માટેના આરોગ્ય કેમ્પ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદશન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમમાં જોડાવા તેમજ સહકાર આપવા જાહેર જનતાને રાજકોટ જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અંતે સિંગલ ગર્લ ચાઈલ્ડના પ્રમાણપત્ર માટે અલગ વ્યવસ્થા કરાઈ : રજીસ્ટ્રાર જાતે કાઉન્ટર પર બેઠા

### એક જ દિવસમાં ૨૦૦થી વધુ સર્ટીફીકેટ ઈસ્યુ આજે પણ સિવિક સેન્ટર બહાર લાઈન લાગી




રાજકોટ, તા. ૧

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન નીતિ અંતર્ગત બાળકોને પ્રવેશ માટે આપવાના સિંગલ ગર્લ ચાઈલ્ડના સર્ટીફીકેટ કાઢી આપવા ગઇકાલથી કાર્યવાહી શરૂ થઇ છે. જેના કારણે પણ સિવિક સેન્ટર બહાર લાઇનો લાંબી થઇ જતા આજે જન્મ-મરણ વિભાગે આ વાલીઓ માટે અલગ વ્યવસ્થા કરીને ફટાફટ સ્થળ પર પ્રમાણપત્ર આપવાનું શરૂ કર્યુ હતું. પરિવારમાં માત્ર એક જ દિકરી હોય તેવા વાલીના આ સંતાનને આરટીઇ હેઠળ પ્રવેશમાં અગ્રતા આપવામાં આવે છે. દંપતિને એક જ દિકરી હોવાનું પ્રમાણપત્ર રેશનકાર્ડ, એડ્રેસ પ્રુફ, સોગંદનામા સહિતના દસ્તાવેજોના આધારે મહાપાલિકા દર વર્ષે કાઢી આપે છે. હવે ચાલુ વર્ષે થોડા મહિનાથી આધાર કાર્ડમાં જરૂરી સુધારા માટે જન્મના દાખલામાં ફેરફાર માટે મોટુ કામ ચાલી રહ્યું છે. લાઇનોનો અંત આવતો નથી. અપાર કાર્ડ માટે પણ અહીંના દાખલા કઢાવવા લાઇન લાગતી હતી. દરમ્યાન ગઇકાલથી સિંગલ ગર્લ ચાઇલ્ડ પ્રમાણપત્ર કાઢવા વાલીઓ પહોંચી રહ્યા છે. રોજિંદા દાખલા અને આ દાખલા કાઢવા માટે ગેટની બંને તરફ લાઇન થાય છે. આજે પણ આવા દ્રશ્યો હતા. પરંતુ વ્યવસ્થા વધારવામાં આવી છે. ગઇકાલે એક જ દિવસમાં સિંગલ ગર્લ ચાઇલ્ડના ૨૦૦થી વધુ દાખલા નીકળ્યા હતા.

દરમ્યાન આજે સવારથી જન્મ-મરણ વિભાગના રજીસ્ટ્રાર પ્રેરીત જોશી જાતે કેન્દ્રમાં કાઉન્ટર પર બેઠા હતા. અરજી આવે એટલે ચકાસણી કરીને ફટાફટ પ્રિન્ટરમાંથી દાખલો કાઢવાની કાર્યવાહી ચાલતી હતી. આજે પણ આટલા જ દાખલા નીકળે તેવી ધારણા છે. રોજિંદા સર્ટીફીકેટ અને સિંગલ ગર્લ ચાઇલ્ડના પ્રમાણપત્રની અરજી સ્વીકારવા અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. એકંદરે વાલીઓનો સમય ઓછો બગડે તેવા પ્રયાસ કરાઇ રહ્યા છે. આ કામગીરી આમ તો તા.૧૨ સુધી ચાલવાની છે. પરંતુ ખુબ જરૂરી એવા આ પ્રમાણપત્ર માટે અરજી કરવા વાલીઓ દોડાદોડી કરતા હોય, સિવિક સેન્ટરમાં આ કામગીરી પર હાલ વધુ ધ્યાન આપવામાં આવ્યું છે.

## ડ્રોન કે માઈક્રોલાઈટ એરક્રાફ્ટ હેલીકોપ્ટરની વિગતો પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાનો આદેશ

રાજકોટઃ રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં વાઇટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ શહેરની જનતાની જાનમાલની સુરક્ષા અને સુલેહ-શાંતિનું વાતાવરણ જળવાઈ રહે, તે હેતુસર શહેરના મહત્વના ૩૫ સ્થળો પર રાજકોટ શહેર પોલિસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન, એરીયલ મીસાઇલ, હેલીકોપ્ટર, પેરાગ્લાઇડર અને માઇક્રોલાઇટ એરક્રાફ્ટ ચલાવનારા સંચાલકો તથા વ્યવસાયિકો માટે નિયંત્રણ મુકતા હુકમો જારી કર્યા છે. જે મુજબ સંચાલકો કે માલિકોએ આ ડ્રોન કેમેરાની સંપૂર્ણ માહિતી જેવી કે મોડેલ નંબર, વજન, ક્ષમતાની વિગતોની નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે તેમજ તેનો ઉપયોગ કરતા પહેલા જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તાર સંબંધીત પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે. ઉલ્લેખનીય છે કે સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફ્ટને આ આદેશો લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો અમલ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# કસ્ટોડિયલ ડેથના આરોપી એએસઆઈ અશ્વિન કાનગડે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી વિથ-ડ્રો કરી લીધી

### હમીરભાઈ રાઠોડ અને રાજુભાઈ સોલંકી નામના બે વ્યક્તિને માલવીયાનગર પોલીસ મથકમાં લઈ જઈ બેફામ માર મરાતાં તેમના મોત થયા હતા



રાજકોટ, તા.૧

કસ્ટોડિયલ ડેથના આરોપી એએસઆઈ અશ્વિન કાનગડે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી વિથ-ડ્રો કરી લીધી છે. હમીરભાઇ રાઠોડ અને રાજુભાઇ સોલંકી નામના બે વ્યક્તિને માલવીયાનગર પોલીસ મથકમાં લઈ જઈ બેફામ માર મારાતાં તેમના મોત થયા હતા.

સમગ્ર કેસની વિગત મુજબ, રાજકોટના ખોડિયારનગરમાં રહેતા રાજુભાઈ ભગવાનજીભાઈ સોલંકી (ઉ.વ.૪૦)ને તા.૧૪/૪/ ૨૦૨૪ની રાતે તેમની પાડોશમાં રહેતા વ્યક્તિ સાથે માથાકૂટ થતાં પાડોશીએ માલવિયાનગર પોલીસને બોલાવી હતી. પોલીસને બોલાવતાં રાજુભાઇનો પુત્ર જય સોલંકી આંબેડકરનગરમાં દોડી ગયો હતો અને રાજુભાઇના મિત્ર હમીરભાઇ દેવજીભાઇ રાઠોડને બોલાવી આવ્યો હતો. હમીરભાઇ સમાધાનનો પ્રયાસ કરી રહ્યા હતા.

ત્યારે માલવિયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ અશ્વિન કાનગડ રાજુભાઇ સોલંકી અને હમીરભાઇ રાઠોડ સહીત ત્રણ લોકોને ઉઠાવી ગયા હતા. રાજુભાઇ અને હમીરભાઇને પોલીસ સ્ટેશનમાં ઢોરમાર મારવામાં આવ્યો હતો. મોડીરાત સુધી ત્રાસ આપ્યા બાદ જવા દેવામાં આવ્યા હતા. સવારે ઘવાયેલા રાજુભાઇ અને હમીરભાઇને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જેમાંથી હમીરભાઇ સોલંકીનું તા.૧૬ના રાત્રીનાં મોત નીપજ્યું હતું. હમીરભાઇનું પોલીસના મારથી મોત નીપજતા એએસઆઇ અશ્વિન કાનગડ સહિતનાઓ સામે હત્યાનો ગુનો નોંધવામાં આવેલ. જોકે ગુનો નોંધાતા જ અશ્વિન કાનગડ નાસી ગયો હતો. જે પછી પોલીસે તેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધો હતો. આ દરમ્યાન રાજુભાઇ સોલંકીનું પણ સારવારમાં મોત થયું હતું.

આશરે ૧૧ માસથી જેલમાં રહેલા અશ્વિને સેશન્સ કોર્ટે જામીન અરજી રદ કર્યા પછી હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. અશ્વિન કાનગડ તરફે દલીલ થઈ હતી કે, બંને મૃતક દારૂ પીવાની ટેવ ધરાવતા હતા. જેના કારણે તેઓનું મૃત્યુ થયું છે. જેની સામે ફરિયાદ પક્ષના એડવોકેટ સુબોધ કુમુદે વિરોધ કર્યો હતો અને પોલીસ કસ્ટડીમાં આરોપીએ બંને મૃતકોને ઢોર માર્યો હતો.

માર મારવાથી થયેલી ઈજાના કારણે જ બંને નિર્દોષ વ્યક્તિનું મોત થયું હતું. ફોરેન્સિક પીએમ રિપોર્ટમાં પણ ઈજાના કારણે મોત થયું હોવાનું તારણ છે ત્યારે આરોપીને જામીન ન આપવા જોઈએ તેવી દલીલ થઈ હતી.

ન્યાયધીશે પણ ગુનાની ગંભીરતાને ધ્યાને લીધી હતી. જેથી હાઇકોર્ટ જામીન અરજી પર કોઇ નિર્ણય કરે તે પહેલા જ આરોપી અશ્વિન કાનગડની હાઇકોર્ટમાં કરેલી જામીન અરજી વિથ-ડ્રો કરી લેવાઈ હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે મૃતકોના પરિવાર વતી હાઇકોર્ટમાં એડવોકેટ સુબોધ કુમુદ રોકાયેલ છે.

# અતુલ ફાઉન્ડેશન અને સેવારૂલર જગડીયાના સહયોગથી આંખ તપાસ અને મફત ઓપરેશન કેમ્પ યોજાયો

રાજકોટ, તા. ૩ઃ અતુલ ફાઉન્ડેશન અને સેવારૂલર જગડીયાના સહયોગથી જગડીયા તાલુકાનું જેસપોર ગામે સરકારી પ્રાથમીક શાળામાં આંખ તપાસ અને મફત ઓપરેશન કેમ્પ કરવામાં આવ્યો આ કેમ્પમાં કેસ લખવાથી લઈને ડોક્ટરી તપાસ. આખો ચેકઅપ. સુગર ચેકઅપ. આંખ ચેકઅપ વગેરે જગ્યા પર જ મફત ચેકઅપ કરવામાં આવે છે આજના મોંઘવારીના સમયમાં સામાન્ય માણસ માટે આંખ તપાસ અને મેડીકલ રિપોર્ટ કરાવવું ખુબજ મુશ્કેલ છે અતુલ ફાઉન્ડેશનએ સામાજિક સંસ્થા છે આવા આર્થિક રીતે નબળા દર્દીઓ માટે આવા કેમ્પ કરે છે આર્થિક રીતે નબળા લોકો માટે આવા કેમ્પ ખુબ જ આર્શિવાદ રૂપ છે જરૂરયાતમંદ લોકો આવા કેમ્પમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે છે જેમાં જેસપોર.



અસનાવી. બલેસવર ગામના અને આજુબાજુના ૩૦૦ લાભાર્થીઓ એ ભાગ લીધો એમાં ૨૨ લાભાર્થી મોતિયાના ઓપરેશનવાળા જરૂરયાતમંદ લોકોને મફત ઓપરેશન માટે જગડીયા સેવારૂલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા કુલ ૧૯૧ લાભાર્થીએ લાભ લીધો જે લોકોને નંબર હોય તેમને નંબર વાળા ચશ્માં આપવામાં આવ્યા ૧૫૧ લાભાર્થી આપ્યા ૩૪ લાભાર્થીને ચેકઅપ કરીનેને આંખમાં નાખવાની દવા આપી કેમ્પનો હેતુ સમાજના જરૂરયાત મંદ અને આર્થિક રીતે નબળા લોકોને આનો લાભ મળે અતુલ ફાઉન્ડેશનએ સમાજ સેવા કરતું ફાઉન્ડેશન છે સેવારૂલ ની અનુભવી તબીબોની ટીમ આવી હતી અતુલ ફાઉન્ડેશન માં થી સી. એસ. આર. મેનેજર સલીમ કડીવાલા ગામના આગેવાન જાલમસિંગ ભાઈઅને મગનભાઈ એ અતુલ કંપનીમાંથી આવેલા અધિકારીઓનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

# જીથુડી પ્રાથમિક શાળામાં શાળા સ્થાપના સતાબ્દિ મહોત્સવની ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી

કુંકાવાવ, તા. ૩ઃ જીથુડી પ્રાથમિક શાળાની સ્થાપના ના ૧૦૦ વષે પૂર્ણ થઈ રહ્યા હોય ત્યારે તારીખ ૧/ ૩ /૨૦૨૫ ના રોજ સાંજના ૮:૩૦ કલાકે પ્રાથમિક શાળા આચાર્ય નિલેશભાઈ ઠુંમર તેમજ શાળા પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવીને સ્થાપના સતાબ્દિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

આ સ્થાપ સતાબ્દિ મહોત્સવમાં મુખ્ય મહેમાનોમા શાળાના ઉદઘાટક શ્રી ઉધોગપતિ કાંતિભાઈ વઘાસિયા ઉધોગપતિ અને શીતલ આઈસ્ક્રીમનામાલીક દિનેશભાઈ ભુવા હરેશ એગ્રો ટ્રેડસે હરેશભાઈ સોરઠીયા નિલેશભાઈ ચાપાનેરી પ્રાચાર્ય તાલીમ ભવન અમરેલી રસિકભાઈ મહેતા મહામંત્રી અમરેલી જિલ્લા પ્રાથમિક સંઘ ચંદુભાઈ ગજેરા તાલુકા મંત્રી શિક્ષણ





અહેવાલ : રસિક વેગડા

સંઘ નિરલભાઈ સાવલિયા બીઆરસી કુકાવાવ નયનાબેન બસીયા તલાટી કમ મંત્રી જીથુડી મહેન્દ્રભાઈ વિછીયા પ્રમુખ અમરેલી જિલ્લા પ્રાથમિક શાળા સંઘ વિમલભાઈ દેવાણી પ્રમુખ તાલુકા સંઘ કુકાવાવ જગદીશભાઈ પટેલ તાલુકા શિક્ષણ અધિકારી કુકાવાવ નિતેશભાઈ હિરપરા કે.ની. શિક્ષણ રાજેશભાઈ વિઠલાણી પ્રમુખ લાઈનસ્સ કલબ ઓફ અમરેલી તેમજ કુકાવાવ તાલુકાના તમામ ગામના પ્રાથમિક શાળાના આચાર્યો તેમજ જીથુડી ગામમાંથી બહોળી સંખ્યામાં ગ્રામજનો સતાબ્દિ મહોત્સવમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તે બદલ જીથુડી પ્રાથમિક શાળાના આચાર્ય નિલેશભાઈ ઠુંમર શિક્ષક અતુલભાઈ ઠક્કર સંદીપભાઈ સતાણી ભરતભાઈ ગોંડલીયા દીપાબેન સોઢા આરતીબેન ગજેરા એ મહેમાનો તેમજ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શેરબજારમાં હવે શું? પાંચ માસમાં ઈન્વેસ્ટરોનાં ૯૫ લાખ કરોડ ડુબ્યા

રાજકોટઃ ભારતીય શેરબજારમાં મંદીએ હાહાકાર સર્જ્યો છે ૨૮ વર્ષ પછી પ્રથમ વખત સળંગ પાંચ મહિનાની મંદી જોવા મળી છે અને તેમાં રોકાણકારોનાં ૯૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે. આ સમયગાળામાં સેન્સેક્સ તેના સર્વોચ્ચ સ્તરેથી ૧૭ ટકા તથા નિફ્ટી ૧૮ ટકા નીચે આવી ગયા છે.

શેરબજારમાં સપ્ટેમ્બર ૨૦૨૪ માં સેન્સેક્સ તથા નિફ્ટીએ સર્વોચ્ચ ઉંચાઈ બનાવી હતી તે પછી ચાલુ થયેલો મંદીનો રેલો સતત પાંચમા મહિને પણ યથાવત હતો.ફેબ્રુઆરીમાં પણ માર્કેટમાં જ મંદી જ થઈ હતી.

રેકોર્ડ સ્તરેથી સેન્સેક્સ ૧૭.૪૫ ટકા તૂટીને ૭૩૧૯૮.૧૦ તથા નિફ્ટી ૧૮.૭૦ ટકા તૂટીને ૨૨૧૨૪.૭૦ ના સ્તરે આવી ગયા છે. આ સમયગાળામાં ઈન્વેસ્ટરોની ૯૫ લાખ કરોડની શેરમૂડીનું ધોવાણ થયુ છે.

શેરબજારની તેજી દરમ્યાન સરકારી કંપનીઓનાં શેરોએ અભૂતપૂર્વ તેજી સુચવી હતી. હવે મંદીમાં આ ક્ષેત્રની કંપનીઓનાં શેરો જ નિશાન બન્યા હોય તેમ ૨૫ લાખ કરોડની શેરમુડીનું ધોવાણ આ ક્ષેત્રનાં શેરોમાં જ થયુ હતું.

નિફ્ટી પીએસઈ ઈન્ડેક્સ ઓગસ્ટ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં ૩૨ ટકા ગબડી ચુકયો છે. આટલા મોટા ઘટાડાથી એ સાબીત થયુ છે કે વેચવાલીના મારાથી મંદીમાંથી કોઈપણ ક્ષેત્રનાં શેરો બાકાત રહી શકયા નથી.ફેબ્રુઆરી મહિનાને લાગેવળગે છે ત્યાં સુધી સેન્સેક્સ ૫.૫ ટકા અર્થાત ૪૩૦૦ પોઈન્ટથી વધુ તૂટયો ગયો છે.મીડકેપ નિફ્ટીમાં ૧૧ ટકાનો કડાકો હતો જે માર્ચ ૨૦૨૦ પછીના પાંચ વર્ષોને સૌથી મોટો માસીક કડાકો હતો. માર્ચ ૨૦૨૦ માં નિફ્ટી મીડકેપ 30 ટકા ગગડયો હતો.

મીડકેપ શેરોમાં ચાલુ કેલેન્ડર વર્ષના અત્યાર સુધીના બે મહિનામાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે. સતત ઘટાડો છતા હજુ ઘણા મીડકેપ શેરોનું છે.વેલ્યુએશન ઉંચુ જ છે. એટલે આપતા દિવસોમાં વધુ ઘટાડાને અવકાશ હોવાનું નિષ્ણાંતોનું કથન છે.

શેરબજારનાં વર્તમાન કડાકા પાછળનું મુખ્ય કારણ અમેરિકાનું ટ્રેડવોર જ ગણવામાં આવે છે મેકસીકો, કેનેડા, ચીન અને હજુ અનેક દેશોએ અમેરિકી ટેરીફનો સામનો કરવો પડશે અને વિશ્વ વ્યાપાર પર તેના વપિરીત પ્રત્યાઘાતો પડવાની આશંકાથી માર્કેટનુ મોરલ ડાઉન થઈ ગયુ છે.

આ સિવાય વિદેશી નાણા સંસ્થાઓની સતત વેચવાલી આર્થિક વૃધ્ધિદર સામે આશંકા, મંદીને કારણે મ્યુચ્યુઅલ ફંડોની એનઓપીમાં ધોવાણ તથા કરન્સી માર્કેટમાં અમેરિકી ડોલર સામે તૂટતો રૂપિયો જેવા કારણો જ પણ મંદી માટે જવાબદાર છે. શેરબજારમાં ઈન્વેસ્ટરો હવે શુ થશે?ની અટકળો બાંધી રહ્યા છે.ત્યારે કેટલાક નિષ્ણાતો એવો સુર દર્શાવે છે કે લાર્જકેપ શેરોમાં તો લગભગ બોટમ આવી ગયુ છે. અથવા બોટમની નજીક પહોંચી ગયા છે.મોટા શેરોમાં વેલ્યુએશન આકર્ષક બનવા લાગ્યુ છે.હજુ થોડા વધુ ઘટાડાનો ઈન્કાર થઈ શકતો નથી છતાં લાંબા ગાળાનાં રોકાણની ગણતરીએ તબકકાવાર ખરીદી કરી શકાય. જોકે મીડકેપ-સ્મોલકેપ શેરોમાં હજુ પ્રવેશવાનો યોગ્ય સમય નથી.

# પશુપાલકોને રાહત રાજકોટ ડેરીએ દૂધના ખરીદભાવ રૂ.૧૦ વધાર્યા

## પશુપાલકોને પ્રતિ કિલો ફેટ રૂ.૭૮૦ અપાશે ધામેલીયા




રાજકોટ તા.૧

ઉનાળાના આગમન સાથે જ દૂધની સપ્લાય પર સંભવિત અસરને ધ્યાને રાખીને અને પશુપાલકોને પ્રોત્સાહન આપવા માટે રાજકોટ ડેરી દ્વારા દૂધના ખરીદભાવમાં રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે અને આજથી જ તે લાગુ કરી દેવામાં આવ્યો છે.

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજીક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. હાલની ઉનાળાની શરૂઆત થતાં અને ગરમીને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂ.૧૦/-નો ભાવવધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ.૭૮૦/- કરવા નિર્ણય નકકી કરેલ છે.

અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ.૭૭૦/- ચુકવવામાં આવશે. દૂધ સંઘ દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૫થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂ.૭૮૦/- ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ.૭૭૫/- ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે.

# આવક વેરામાં રાહતથી રિટેલ વેચાણ વધવાની શક્યતા

મુંબઈ વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વૃદ્ધિ જોવા મળી છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય) દ્વારા જારી કરાયેલા ૫૮માં રિટેલ વેપાર સર્વેમાં દેશમાં વિવિધ રિટેલ સેગમેન્ટસના ચાલી રહેલા ટ્રેન્ડસ પર પ્રકાશ પડાયો છે. આવક વેરામાં રાહત અપાતા રિટેલ વેચાણ વધવાની અપેક્ષા રખાઈ રહી છે.

જાન્યુઆરીમાં દેશના પશ્ચિમી વિસ્તારમાં રિટેલ વેચાણમાં સાત ટકા વધારો થયો હતો જ્યારે ઉત્તર તથા દક્ષિણમાં પાંચ ટકા અને પૂર્વમાં ચાર ટકા વૃદ્ધિ જોવા મળી હતી.

રિટેલમાં સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૧૩ ટકા સાથે ખાદ્ય પદાર્થ અને ગ્રોસરીની રહી હતી. કન્ઝ્યૂમર




ડયૂરેબલ્સ અને ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટ બન્નેમાં ૬ ટકા વધારો થયાનું સવે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.એપરલ તથા ફૂટવેરના વેચાણમાં ચાર ટકા જ્યારે જ્વેલરીમાં ૩ ટકા વધારો નોંધાયો છે. બ્યુટીઅને વેલનેસ પ્રોડકટસના વેચાણમાં બે ટકા જ્યારે ફર્નિચરનું વેચાણ એક ટકા વધ્યુ હતું.

આગામી નાણાં વર્ષના બજેટમાં આવક વેરામાં અપાયેલી રાહતથી રિટેલ વેચાણને ટેકો મળી રહેશે એમ રાયના સીઈઓ કુમાર રાજાગોપાલને એક નિવેદન માં જણાવ્યું હતું. ગ્રાહકોની પસંદગીઓ ઘણી જ વ્યાપક બની રહી છે અને બદલાઈ રહેલી પ્રાથમિકતાઓને રિટેલરોએ સ્વીકારી તે પ્રમાણે કામકાજના મોડેલ તૈયાર કરવાના રહેશે, જેથી સ્પર્ધા સામે ટકી શકાય.ગયા વર્ષના ડિસેમ્બરમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધારો નોંધાયો હતો. યોગ્ય મૂલ્ય સાથેના પ્રોડક્ટ પાછળ ગ્રાહકો નાણાં ખર્ચ કરવા તૈયાર હોય છે, એમ પણ સર્વેમાં જણાયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. દરમિયાન દેશમાં સંગઠીત રિટેલ વેચાણ ૨૦૩૦ સુધીમાં ૨૩૦ અબજ ડોલર પર પહોંચવા એક અભ્યાસમાં જણાવાયું છે. ગ્રાહકોના હાથમાં વાપરવા માટે વધુ નાણાં ઉપલબ્ધ બની રહ્યા હોવાનું ધ્યાનમાં રાખી આ ધારણાં આવી પડી છે.

# 'હવે જીવવું નથી ગમતું...', સુરતમાં મહિલા પોલીસકર્મીએ જીવન ટૂંકાવ્યું

## સુસાઈડ નોટમાં લખ્યું– મારા મોત માટે કોઈ જવાબદાર નથી



સુરતમાં મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત એરપોર્ટમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને મોતને વ્હાલું કર્યું હતું. મહિલા પોલીસે સુસાઈડ નોટ લખી હોવાનું સામે આવ્યું છે. જેમાં તેમણે લખ્યું હતું કે, 'જીવન જીવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ હવે જીવવું ગમતું નથી. મારા મોત માટે કોઈ જવાબદાર નથી.' સુરત પોલીસે મહિલા પોલીસકર્મીને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી.

સુરત એરપોર્ટમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી શેતલ ચૌધરીએ તેમના ઘરે કોઈ કારણોસર આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલા પોલીસકર્મીના ઘરેથી પોલીસને સુસાઈડ નોટ મળી આવી હતી. મહિલા પોલીસકર્મી છેલ્લા આઠ વર્ષથી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા. મૃતક મહિલાની બહેને જણાવ્યું હતું કે, 'હું લાઈબ્રેરીમાંથી વાંચીને જ્યારે ઘરે પરત ફરી ત્યારે મને આ મામલે જાણવા મળ્યું હતું, મારી બહેન કામ પ્રત્યે ઘણી ગંભીર હતી. શેતલ વારંવાર ફોનથી કોઈ સાથે વાત કરતી હતી, પરંતુ કોણ છે એ ખ્યાલ નથી.' મહિલા પોલીસનો મૃતદેહ બનાસકાંઠા લઈ ગયા છે, જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મહિલા પોલીસના આપઘાત મામલે સુરત પોલીસે સુસાઈડ નોટ અને ફોન મેળવીને વધુ તપાસ હાથ ધરી.

# જૂના વાહનનો નંબર હવે નવા વાહનમાં સરળતાથી લગાવી શકાશે

રાજકોટ તા.૧

રાજકોટ સહિત રાજયભરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા જૂના વાહનનો નવા વાહનમાં ઉપયોગ કરવા માટે વાહનોનો રજીસ્ટ્રેશન નંબર રીટેઈન કરવાની પધ્ધતિ અમલી કરવામાં આવી છે. આથી, હવે દરેક વાહન ધારક તેના જૂના વાહનના નંબરો નવા વાહન માટે પણ યથાવત રાખી શકશે. આ અંગેનો વાહન વ્યવહાર કમિશનરે પરિપત્ર પણ બહાર પાડી દિધો છે અને દરેક આરટીઓને તેની અમલવારી શરૂ કરી દેવા સુચના પણ અપાઈ ગઈ છે.

ઘણા બધા વાહનમાલિકો પોતાની જૂની ગાડીના નંબરને લકી માનતા હોય છે અને અલગ અલગ પ્રકારની વ્યક્તિગત, ધાર્મિક, સામાજિક કે ન્યુમરોલોજી વગેરે માન્યતાઓના આધારે તેઓનાં વાહનો માટે ચોક્કસ પ્રકારનો નોંધણી નંબર મેળવવાનો આગ્રહ રાખે છે.

ત્યારે વાહનમાલિકો તેમના વાહન નંબર સાથે જોડાયેલી લાગણીને કારણે જૂનાં વાહનોનો નંબર પણ રિટર્ન રાખવાનો આગ્રહ રાખતા હોય છે. જે અનુસંધાને હવે ગુજરાત રાજ્યમાં વ્હીકલ નંબર રિટેન્શન પોલિસીનું અમલીકરણ કરવા જઈ રહ્યું છે.

વાહનની માલિકી બદલતા સમયે નંબર રિટેન્શન આ કિસ્સામાં વાહનમાલિક જ્યારે વાહનની તબદિલીની અરજી કરે તે સમયે વાહનનો નંબર રિટેઈન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનને જે તે રિટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે.

વાહન સ્કેપ થતું હોય એ સમયે વાહન નંબર રિટેન્શન આ કિસ્સામાં વાહન માલિક દ્વારા પોતાના નવા ખરીદાયેલા વાહન પર જૂના વાહનનો નંબર રિટેન થશે અને જૂના સ્કેપ થનાર વાહનને અન્ય નંબર એલોટ કરવામાં આવશે અને ત્યાર બાદ જે તે વાહનને મોટર વ્હીકલ્સ એક્ટ અને રૂલ્સની જોગવાઈઓ અનુસાર સ્કેપ કરવામાં આવશે.

જે વાહનનો નંબર રિટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રિટેન કરવાનો છે તે બંન્નેની માલિકી એક જ વ્યક્તિની હોવી જરૂરી છે. કોઈ અન્ય વ્યક્તિના નામે વાહન નંબર રિટેન થઈ શકશે નહીં. વધુમાં જે વાહનનો નંબર રિટેન કરવાનો છે. તે વાહનની માલિકી સંબંધિત વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઈએ.

વાહન નંબર રિટેન્શન સમયે બન્ને વાહનોના ક્લાસ ઓફ વ્હીકલ સમાન હોવા જરૂરી રહેશે. એટલે કે ફોર વ્હીલની નંબરપ્લેટ ટુ વ્હીલમાં ન લગાવી શકાય જે વાહનનો નંબર રિટેન કરવાનો છે તેનું રજિસ્ટ્રેશન રિટેન્શન સમયે કાર્યરત હોવું જોઈએ. એટલે કે અગાઉ જે વાહનો સ્કેપ થઈ ચૂકેલ છે તેવાં વાહનોનો નંબર હાલ રિટેન થઈ શકશે નહીં.

> **રાજકોટ સહિત રાજયભરમાં અમલવારી શરૂ વાહન વ્યવહાર વિભાગે પરિપત્ર જારી કર્યો જૂના ટુ-વ્હીલરનો નંબર નવા ટુ વ્હીલરમાં અને જૂની કારનો નંબર નવા ફોર વ્હીલરમાં રીટેઈન કરાવી શકાશે જૂના વાહનનાં વેચાણનાં કિસ્સામાં ખરીદનારને નવો નંબર ફાળવાશે**

દરમ્યાન રાજયના વાહન વ્યવહાર કમિશ્નરે વાહન નંબરના રીટેઈન અંગેના પરિપત્રમાં જણાવાયું છે કે બે કિસ્સામાં વાહન નંબર રીટેન્શન કરી શકાશે. વાહનની માલિકી જયારે તબદીલ થઈ રહી હોય અને વાહન માલિક પોતાનો વાહન નંબર રીટેન કરવા માંગતા હોય. આ કિસ્સામાં વાહનમાલિક જયારે વાહનની તબદીલીની અરજી કરે તે સમયે વાહનનો નંબર રીટેન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનને જે તે રીટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે.

જયારે વાહન સ્ક્રેપ થતું હોય તે સમયે વાહન નંબર રીટેન્શનના કિસ્સામાં વાહન માલિક દ્વારા પોતાના નવા ખરીદાયેલા વાહન પર જુના વાહનનો નંબર રીટેન થશે અને જુના સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર એલોટ કરવામાં આવશે. અને ત્યારબાદ જે તે વાહનને મોટર વ્હીકલ્સ એકટ અને રૂલ્સની જોગવાઈઓ અનુસાર સ્ક્રેપ કરવામાં આવશે.

માલિક પોતાનો વાહન નંબર પોતાના દ્વારા ખરીદાયેલા નવા વાહનો ઉપર જ રીટેન કરી શકશે અને તે વાહન નંબર રીટેન્શનની પૂંવ શરત રહેશે. જુના વાહન ઉપર વાહન નંબર રીટેઈન થઈ શકશે નહીં તથા જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રીટેન કરવાનો છે તે બંનેની માલિકી એક જ વ્યકિતની હોવી જરૂરી છે. કોઈ અન્ય વ્યકિતના નામે વાહન નંબર રીટેન થઈ શકશે નહીં, વધુમાં જે વાહનનો નંબર રીટેઈન કરવાનો છે. તે વાહનની માલિકી સંબંધિત વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઈશે. તેમજ વાહન નંબર રીટેન્શન સમયે બંને વાહનોના કલાસ ઓફ વ્હીકલ સમાન હોવા જરૂરી રહેશે.

જે વાહનનો નંબર રીટેઈન કરવાનો છે તેનું રજીસ્ટ્રેશન રીટેન્શન સમયે કાર્યરત હોવું જોઈએ. એટલે કે અગાઉ જે વાહનો સ્ક્રેપ થઈ ચૂકેલ છે તેવા વાહનોનો નંબર હાલ રીટેઈન થઈ શકશે નહીં.

જયારે રીટેઈન કરવામાં આવેલ નંબરની સામે ખરીદાયેલ નવા વાહનને રીટેઈન કરેલ નંબર ફાળવવાની પ્રક્રિયા દિન-૯૦માં પૂર્ણ કરવાની રહેશે. ૯૦ દિવસની સમયમર્યાદા બાદ રીટેઈન કરેલ નંબર નવા વાહનને ફાળવી શકાશે નહીં, ઉપરાંત વાહનની તબદીલ સમયે રીટેન્શનના કિસ્સામાં તબદીલ થનાર વાહનને નવો નંબર ફાળવતા સમયે આવા વાહન માલિકો પાસે ગોલ્ડન અને સિલ્વર નંબર સિવાયના ઉપલબ્ધ પસંદગી નંબર જરૂરી ફી ભરપાઈ કરીને મેળવવાનો વિકલ્પ રહેશે.

## જૂના વાહન નંબર રિટેઈન માટે કચેરી ખાતે ફોર્મ ભરવું પડશેઃ કે.એમ. ખપેડ

### જૂના વાહનમાં ગોલ્ડન-સિલ્વર નંબરો હોય તો રૂા.૪૦થી ૮૦ હજાર ફી ભરવી પડશે

રાજકોટ તા.૧

રાજકોટ સહિત રાજયભરમાં જૂના વાહનના નંબર નવા વાહનમાં તબદીલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. જયારે આજરોજ આ અંગે રાજકોટ જીલ્લા આરટીઓ અધિકારી કેતન ખપેડનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ હતું કે જૂના વાહનનો નંબર નવા વાહનમાં તબદીલ કરવા માંગતા વાહન માલિકોએ આરટીઓ કચેરી ખાતે આવી ફોર્મ આરઓઆર ભરવાનું રહેશે.આ ફોર્મ ભરાયા બાદ જૂના વાહનના નંબરની નવા વાહનમાં તબદીલીની પ્રક્રિયા શરૂ થશે. ખપેડએ એવું પણ જણાવેલ હતું કે જો જૂના વાહનમાં ગોલ્ડન-સિલ્વર નંબર હોય તો સરકારી ધારા-ધોરણો મુજબની ફી ભરવી પડશે. સિલ્વર-ગોલ્ડન નંબર માટે ૩૦ દિવસની મર્યાદામાં રૂા.૪૦ હજાર, ૩૦થી ૬૦ દિવસની મર્યાદામાં રૂા.૬૦ હજાર તથા ૬૦થી ૯૦ દિવસની મર્યાદામાં રૂા.૮૦ હજાર ફી ભરવી પડશે.



# કાલાવડ રોડ પર પોલીસની મીલીભગતથી એક-બે ગેમઝોનમાં બોલીંગ એલી મંજૂરી વગર ધમધમવા લાગ્યાં

## ટીઆરપી આગકાંડ બાદ શહેરના તમામ ગેમઝોન બંધ કરી દેવામાં આવ્યાં તા જે બાદ કાલાવડ રોડ પર તાલુકા અને યુની. પોલીસની હપ્તાખોરીથી મોતના માંચડા ફરી શરૂ થવા લાગ્યાં

**લાયસન્સ બ્રાન્ચે એક પણ મંજૂરી આપી નથી, થાણા અધિકારીને લીગલી શરૂ કરવા માટે પૂછતાં અમે કાંઈ ન કરી શકીએ તેવો ઉડાવ જવાબ આપ્યો, જ્યારે અમુકને લોકોના જીવના ભોગે પણ મંજૂરી આપી**



રાજકોટ. તા.૦૧

શહેરમાં નાના મવા રોડ નજીક આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગકાંડ થયો હતો. જેમાં ૨૮ લોકો જીવતા ભૂંજાઇ ગયાં હતાં. જે ઘટનાથી રાજકોટ સહિત ગુજરાતભરમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રાજકોટ આખુ ચોધાર આંસુએ રડ્યું હતું. કરૂણ ઘટના બાદ સરકારે અનેક જવાબદાર અધિકારીઓ સામે આકરા પગલાં ભર્યા હતાં. જેમાં પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીર દેસાઈની તાત્કાલિક બદલી કરી નાંખવામાં આવી હતી. જ્યારે બે પીઆઇને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતાં.

પરંતુ પોલીસે તે ગંભીર ઘટનામાંથી કોઇ બોધપાઠ લીધો જ ન હોય તેમ અને વિહીવટી મલાઈ જ સર્વસ્વ હોય તેમ કાલાવડ રોડ પર આવેલ અનેક ગેમઝોનઅને બોલિંગ એલીને ઓફ ધ રેકર્ડ મંજૂરી આપી દઈ ફરીવાર મોત કાંડ નોતરતા હોય તેવું ઉપસી આવ્યું છે. જેમાં યુની. અને તાલુકા પોલીસની મૌખિક મંજૂરી હોય તેવું પણ ચિત્ર ઉપસી આવી રહ્યું છે. ટીઆરપી ગેમઝોન આગકાંડ બાદ શહેરના તમામ ગેમઝોન તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યાં હતાં. જે ફરી શરૂ કરવા હોય તો આરએમસી, ફાયર, માર્ગ અને મકાન વિભાગ અને છેલ્લે પોલીસની મહત્વની મજૂરી લીધા બાદ જ ગેમઝોન શરૂ થઈ શકે તેવા આકરા નિયમો લગાડવામાં આવ્યાં હતાં. જેમનથી અનેક લોકોના ધંધા ઠપ્પ થઈ ગયાં હતાં.

પરંતુ કાલાવડ રોડ પર આવેલ બાહુબલી લોકોના ગેમઝોન અચાનક જ શરૂ થઈ ગયાં છે. જેમાં બોક્સ ક્રિકેટમાં બોલિંગ એલી પણ ઘણી જગ્યાએ શરૂ થઇ ગયાં છે. જે બોલિંગ ટ્રેક શરૂ કરવો હોય તો લાંબી કાયદાકીય પ્રોસેસમાંથી પસાર થયા બાદ પોલીસ જનહિતમાં મંજૂરી આપે છે. પરંતુ અમુક ગેમઝોન જે યુની. પોલીસ અને તાલુકા પોલીસ વિસ્તારમાં આવે છે. તેમને પોલીસે પોતાની મીલીભગત રાખી મૌખિક મંજૂરીથી શરૂ કરી દેવામાં આવ્યાં છે. જે મામલે સાંજ સમાચારની ટીમે લાયસન્સ બ્રાન્ચમાં તપાસ કરતાં કોઈ ગેમઝોનને મંજૂરી ન આપ્યાનું ખુલ્યું હતું. તો કાલાવડ રોડ પર મોતના અખાડા સમાન શરૂ થયેલ ગેમઝોનને સ્થાનિક પોલીસે પોતાના લાભ ખાટવા મંજૂરી આપી દીધાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે એક ગેમઝોન સંચાલક દ્વારા યુની. પોલીસ મથકના પીઆઇને ગેમઝોન લીગલી ચાલુ કરવાં માટે પૂછવામાં આવ્યું તો અમારાથી કંઈ ન થાય તેમ ઉડાવ જવાબ આપી દિધો હતો.જે પોલીસ મથકના તત્કાલીન પીઆઇનો ટીઆરપી ગેમઝોનમાં ભોગ લેવાયો હતો. તે જ પોલીસ મથકના અધિકારીઓ ફરીવાર મોતના માચડાને મજૂરી આપી રહ્યાં છે, તે મામલે પોલીસ કમિશ્નર, એડી. સીપી, ડીસીપી સહિતના અધિકારીઓએ આ મામલે ગંભીરતા દાખવી કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી બન્યું છે.

# પારડી રોડ પર ૨૭.૪૬ કરોડના ખર્ચે રાજકોટનું સૌથી મોટુ સ્પોર્ટસ સંકુલ બનાવવાના ટેન્ડર જાહેર

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાપાલિકા દ્વારા વોર્ડ નં.૧૭માં કોઠારીયા રોડને જોડતા પારડી રોડ ૨૭.૪૬ કરોડના ખર્ચે ભવ્ય સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા કમિશ્નર તુષાર સુમેરાએ જાહેર કરેલી મહત્વકાંક્ષી યોજનાના ટેન્ડર આજે પ્રસિધ્ધ થઇ ગયા છે. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્કેટીંગ સહિતની સુવિધા ઉભી કરવા બજેટમાં પણ જાહેરાત કરવામાં આવી છે. સૌપ્રથમ વખત રમત-ગમત નિષ્ણાંતો સાથે ચર્ચા કરીને આ ૨૬ કરોડના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની ડિઝાઇન બનાવવામાં આવી છે. સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં. ૧૭માં પારડી રોડ પર સ્પોર્ટસ સંકુલ



બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ટેન્ડર બહાર પડી ગયા છે. કમિશ્નરે આવા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવતા પૂર્વે જે તે સ્પોર્ટસના નિષ્ણાંતો અને એસો.ના હોદ્દેદારો સાથે બેઠક કરીને એકસપર્ટ એડવાઇઝ લેવાની પહેલ કરી છે.

જે તે પ્રોજેક્ટના સ્ટેકહોલ્ડર્સ સાથે કધસલ્ટેશન કરવાની પ્રણાલી અપનાવી છે, જેમાં સ્ટેકહોલ્ડર્સને પ્રોજેક્ટની રૂપરેખા સમજાવ્યા બાદ તેઓના સલાહસૂચન મેળવવામાં આવે છે. આ કોમ્પ્લેક્ષમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્કેટીંગ રીંગ સહિતના આયોજન જોડવામાં આવનાર છે.

વોર્ડ નં.૧૭માં બનનાર સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ અનુસંધાને સ્પોટ્ર્સ સાથે સંકળાયેલા નિષ્ણાતો, કોચ અને સ્પોટ્ર્સપર્સન સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, આ બેઠકમાં સ્ટેક હોલ્ડર્સ સમક્ષ જે તે પ્રોજેક્ટની રૂપરેખા દર્શાવતું પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ પાસેથી સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટ અંગે સલાહસૂચનો મેળવી તેમના સૂચનો પ્રોજેક્ટમાં સામેલ કરવા કાર્યવાહી કરવામાં આવી છે.

વોર્ડ નં ૧૭માં પારડી રોડ ખાતે અધ્યતન સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ બનાવતા પૂર્વે તેમાં કઇ કઇ રમતોનો સમાવેશ કરવો અને આ કોમ્પ્લેક્સ સમગ્ર રીતે કેવું હોવું જોઇએ તે અંગે પરામર્શ પણ કરવામાં આવ્યો હતો. જે તે વિષયના નિષ્ણાંતોના સૂચનો પરથી કોમ્પલેક્ષમાં જરૂરી સુધારા કરવા કધસલટન્ટ એજન્સીને સુચના પણ આપવામાં આવેલ છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર


# આગામી ગુરૂવારથી તાપમાન ઉંચકાશે તાપમાન ૪૦ ડીગ્રીની નજીક પહોંચશે

## તા.૮ માર્ચ સુધીની આગાહી તા.૫ માર્ચ સુધી તાપમાનની રેન્જ ૩૫ થી ૩૭ ડીગ્રી પછી ૩૭ – ૩૯ ડીગ્રી થશે અમુક સેન્ટરોમાં ૪૦ ડીગ્રીને આંબી શકે તા.૩ થી ૫ પવનનું જોર રહેશે

રાજકોટ,તા.૧

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગરમી વહેલી શરૂ થઈ ગવાનો માહોલ કેટલાંક દિવસોથી હોય તેમ તાપમાન નોર્મલથી ઉંચુ જ રહે છે. આગામી બુધવાર સુધી વર્તમાન માહોલ જળવાયા બાદ તા.૬ ને ગુરૂવારથી તાપમાન વધવા લાગશે અને કયાંક ૪૦ ડીગ્રીને આંબી જવાની શકયતા દર્શાવાતી આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગત આગાહીમાં સુચવ્યા મુજબ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા દિવસોમાં તાપમાન ૩૬ થી ૩૮ ડીગ્રીની રેન્જમાં પહોંચી ગયુ હતું અને ઉતર ભારત તથા પર્વતીય ભાગોમાં હિમવર્ષા તથા વરસાદ થયો હતો.

રાજયનાં મુખ્ય સેન્ટરોમાં ગઈકાલે મહતમ તાપમાન રાજકોટમાં ૩૬.૬ તથા



રાજકોટમાં ૩૬.૭ ડીગ્રી હતું. તે નોર્મલ કરતા ત્રણ ડીગ્રી ઉંચુ હતું. વડોદરામાં ૩૫.૮ ડીગ્રી મહતમ તાપમાન હતું. તે નોર્મલથી બે ડીગ્રી વધુ હતું.ડીસામાં ૩૪.૪ ડીગ્રી તથા ભુજમાં ૩૩.૭ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ૧ ડીગ્રી વધુ હતું.

તેઓએ તા.૧ થી ૮ માર્ચની આગાહીમાં કહ્યું કે, હવે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં નોર્મલ તાપમાનની રેન્જ ૩૨.૫ થી ૩૪ ડીગ્રીની થઈ છે.તા.૧ થી ૫ માર્ચ દરમ્યાન મહતમ તાપમાન ૩૫ થી ૩૭ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. અર્થાત કોઈ ખાસ વધારો નહીં રહે અને નોર્મલની નજીક કે થોડુ વધુ રહેશે.પરંતુ તા.૬ ને ગુરૂવારથી તાપમાનમાં દરરોજ એકથી દોઢ ડીગ્રીનો વધારો થવા લાગશે. તા.૬ થી ૮ દરમ્યાન તાપમાન ૩૭ થી ૩૯ ડીગ્રીની રેન્જમાં પહોંચી જશે અને કયાંક અમુક સેન્ટરમાં ૪૦ ડીગ્રીને આંબી જાય કે તેની નજીક પહોંચી તેવી શકયતા નકારાતી નથી.આગાહીનાં સમયગાળામાં તા.૪ સુધી પશ્ચિમ-ઉતર પશ્ચિમ તથા ત્યારબાદ ઉતર-ઉતર પુર્વનાં પવન ફુંકાશે. તા.૩ થી ૫ માર્ચ દરમ્યાન પવનની ઝડપ ૧૫ થી ૨૫ કીમી જેવી વધુ હશે.

જયારે બાકીનાં દિવસોમાં ૧૦ થી ૧૫ કીમીની નોર્મલ ઝડપ હશે તા.૪ સુધી આકાશમાં છુટાછવાયા વાદળો જોવા મળશે. તા.૫ થી આકાશ ચોખ્ખુ થઈ જશે. તા.૩ સુધી કચ્છ તથા પશ્ચિમ સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં ઝાકળની શકયતા છે.

# EXPORT અને PASSPORT મજબૂત બનાવવાનો વિકસીત ભારતનો સંકલ્પ : મનસુખ માંડવીયા

## હાલનું કેન્દ્રીય બજેટ એક વર્ષના રોડમેપ અને ૨૦૪૭ના વિકસીત ભારતનું વિઝન દર્શાવેલું ઈન્ફ્રાસ્ટ્રકચર – શિક્ષણ – ટેકનોલોજી રીસર્ચ પર ભાર મુકાયો છે : કેન્દ્રીય મંત્રી

રાજકોટ ભારતને ૨૦૪૭માં વિકસીત રાષ્ટ્રની હરોળમાં સ્થાન આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા યજ્ઞમાં આ વર્ષે રજુ થતુ કેન્દ્રીય બજેટ એ એક વર્ષનો રોડમેપ અને લાંબાગાળાના વિઝનનું પ્રતિબિંબ પાડે છે.

આજે કેન્દ્રીય શ્રમ-રોજગાર તથા ખેલકુદ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ રાજકોટમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધતા અર્થતંત્રમાં ભારતનું સ્થાન પ્રથમ ક્રમે છે.

અમેરિકા, યુરોપ સહિતના દેશોના અર્થતંત્રની વિકાસ ગતિ ધીમી પડી છે પણ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના આંતરિક ક્ષમતાઓને મજબૂત બનાવીને વિકાસની ગતિ જાળવી રાખી છે અને બજેટ તેમાં વધુ ઇંધણ પુરુ પાડશે.



શ્રી માંડવીયાએ વિવિધ બજેટ જોગવાઈઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ૨૦૪૭માં ભારતને વિકસીત બનાવવા ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમ્યુનીકેશન, એન્જીનીયરીંગ, ટેકનોલોજી, શિક્ષણ, રીસર્ચને મહત્વ આપવામાં આવી રહ્યું છે. દેશમાં પ્રથમ વખત બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પર રૂા.૧૧.૫૦ લાખ કરોડની જોગવાઈ હવે ૨૦૪૭ સુધીમાં દર વર્ષે અંદાજીત રૂા.૧૫ લાખ કરોડની ફાળવણીએ આ ધ્યેયને હાંસલ કરવા માટે છે.

શ્રી માંડવીયાએ જણાવ્યું કે, મેઈક-ઈન-ઈન્ડીયા અને આત્મનિર્ભર ભારત એ આયોજન આજે ભારતમાં ઉત્પાદનને વેગ આપી રહ્યા છે જે રોજગારીનું પણ સર્જન કરે છે અને આ રીતે દેશના એકસપોર્ટ અને પાસપોર્ટને મજબૂત બનાવીને ભારત વિકસીત રાષ્ટ્ર બનશે. તેઓએ કહ્યું કે રૂ.૫૦ લાખ કરોડના બજેટનો એક એક રૂપિયા તેમાં મહત્વની ભૂમિકા ભજવશે.

તેઓએ કહ્યું કે, દેશમાં પ્રોડકશન લીંક-ઈન્સેટીવ ઉત્પાદનમાં પ્રોત્સાહનની સાથે એમ્પ્લોયમેન્ટ લીંક ઈન્સેન્ટીવ યોજનાથી રોજગારીને વેગ મળશે. સ્ટાર્ટઅપ, જેમાં ભારત પ્રથમ ક્રમે છે તો દેશની ૫૦૦ ટોચની કંપનીઓમાં જે રીતે ૧ કરોડ યુવાઓને ૧ વર્ષ માટે ટ્રેની તરીકે જોડયા એ માસ્ટર સ્ટ્રોક બનશે.

આ યુવા વર્ગ ૧ વર્ષ બાદ નાના ઉદ્યોગોમાં જોડાઈને તેના નિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે અને તે માઈન્ડ સેટ મહત્વનું બનશે. તેઓએ બજેટમાં જે રીતે રૂા.૧૨ લાખ સુધીની આવકવેરા મુક્તિ અપાઈ તેને પણ આવકારતા જણાવ્યુ કે લોકો વધુ ખર્ચ કરીને અર્થતંત્રને ઈંધણ પુરુ પાડશે.

# રાજકોટમાં BRTSના ડ્રાઈવરનો મુસાફરોના જીવને જોખમમાં મૂકતો વીડિયો વાઈરલ થતા સસ્પેન્ડ કરાયો

## ચાલુ બસે માવો બનાવતા ડ્રાઇવરની અતિ ગંભીર બેદરકારીનો આ વીડિયો જાગૃત નાગરિક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ



રાજકોટ, તા. ૩ઃ રાજકોટની સિટિબસ સેવા ફરી એકવાર વિવાદમાં આવી છે. જેમાં બીઆરટીએસ રૂટ પર ચાલુબસે ડ્રાઈવરે માવો ચોળી અનેક મુસાફરોનાં જીવ જોખમમાં મુક્યા હોવાનો વિડીયો સામે આવ્યો છે. સિટિબસો દ્વારા અવારનવાર અકસ્માત સર્જાતા હોવાની ઘટના બાદ ડ્રાઈવરની અતિ ગંભીર બેદરકારીનો આ વીડિયો જાગૃત નાગરિક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. જોકે વિડીયો વાયરલ થયા બાદ ડ્રાઈવરને તાત્કાલિક સસ્પેન્ડ કરાયો હોવાનું મનપાનાં સત્તાધીશોએ જણાવ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં સીટીબસના ડ્રાઈવરોએ હદ વટાવી હોય તેમ મુસાફરો ભરેલી ચાલુ સીટી બસમાં માવો ઘસતા હોવાનો એક વિડીયો ભારે વાયરલ થયો છે. વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સીટીબસનો ડ્રાઈવર જ્યારે બસ ઉભી હોય ત્યારે માવો કાઢે છે. અને બાદમાં બસને રસ્તા પર હંકારે છે પરંતુ તેમ છતા માવો ઘસવાનું ચાલુ જ રાખે છે. એટલુ જ નહીં પરંતુ ચાલુ બસ કે જેમાં નિર્દોષ મુસાફરો બેઠા છે તેમાં ડ્રાઈવર માવો ઘસવાનું સ્ટેન્ડ સ્ટિયરીંગ પર રાખી ફાકી ચોળતો નજરે પડી રહ્યો છે.

સમગ્ર મામલે રાજકોટ મનપામાં સિટિબસનો હવાલો સંભાળતાં સિટી એન્જીનીયર પરેશ અઢીયાએ જણાવ્યું હતું કે, આજે જ આ વીડિયો મારા ધ્યાનમાં આવ્યો છે. આ ખરેખર ખૂબ ગંભીર બાબત છે. કોઈપણ કર્મચારી મુસાફરોના જીવ જોખમમાં મૂકીને આવા કૃત્યો કરે તે ચલાવી શકાય નહીં. આ ડ્રાઈવર ઊર૫ નંબરની ઇછ્છજ બસ લઈને માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જઈ રહ્યો હતો ત્યારે અયોધ્યા ચોક નજીક તેણે આ કૃત્ય કર્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને મોરી ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ નામના આ ડ્રાઈવરને નવો આદેશ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. તેમજ અન્ય ડ્રાઈવરોને પણ આવી કોઈ હરકત નહીં કરવાની તાકીદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ બજરંગવાડી નજીક સિટિબસનાં ચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હોવાના સીસીટીવી પણ સામે આવ્યા હતા. જેમાં પુરપાટ ઝડપે જતી સિટિબસે ટુ વહીલર ચાલક મહિલાને હડફેટે લેતા તેણીને ગંભીર ઈજા થઇ હતી. ત્યારે હવે બીઆરટીએસ રૂટમાં સિટિબસ ચલાવતા ડ્રાઈવરે અનેક મુસાફરોના જીવ જોખમમાં મૂકી માવો ઘસ્યો હોવાનો વિડીયો સામે આવ્યો છે. ત્યારે ડ્રાઈવરોની આવી બેદરકારીથી બસની અંદર મુસાફરી કરતા લોકો ઉપરાંત અન્ય વાહન ચાલકો પણ સુરક્ષિત નથી તેવું લાગી રહ્યું છે. અને ડ્રાઈવરોની ભરતી મામલે કોઇ ચોક્કસ પોલીસી અને કડક નિયમો નક્કી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# વેસ્ટર્ન રેલ્વેના એ.જી.એમ પ્રકાશ બુટાણી વેરાવળ રેલવે સ્ટેશનની મુલાકાતે



વેરાવળ, તા. ૩ઃ હાલ વિશ્વપ્રસિદ્ધ સોમનાથ ખાતે રેલ્વે સ્ટેશન નું કામ ગતિમાં હોય તેનું નિરીક્ષણ તેમજ વેરાવળ રેલવે સ્ટેશનપર રિનોર્વેશન ચાલુ હોય તેમજ વેરાવળ સ્ટેશન પર અનેક સુવિધાઓ શરૂ કરવાના સંકેતો હોય જેનું નિરીક્ષણ કરી ઉચ્ચ કક્ષાએ રિપોર્ટ કરવા અર્થે વેસ્ટન રેલવેના એ જી એમ પ્રકાશ બુટાણી સાહેબ તેમજ ભાવનગર ડિવિઝન ના કલ્પેશ દવે વેરાવળ પોહચતા ઉછ્છઈઈ મેમ્બર્સ અનિષ એન રાચ્છ તેમજ સ્થાનિક રેલ્વે કમિટીના મુકેશ ચોલેરાએ રૂબરૂ મળી વેરાવળ સ્ટેશન પર તાજેતરમાં પાર્કિંગ સંદર્ભે થયેલ ફરિયાદના સ્થળ પર નિરીક્ષણ કરાવા તેમજ એન્ટ્રી ગેટ અને એક્સીટ ગેટનું કાર્યે તુરંતમાં પૂર્ણ કરવા સાથે વેરાવળ સ્ટેશન પર લિફ્ટ, એક્ઝીલેટર સીડી સહિતનાના ઘણા પડતર પ્રશ્નો સંદર્ભે પણ ચર્ચા કરી વિવિધ પ્રશ્નોનું નિવાકરણ લાવવા સહયોગ આપવા રજૂઆત કરેલ.


આ તકે ભાવનગર ડિવિઝનના કલ્પેશભાઈ દવે તેમજ વેરાવળ સ્ટેશન માસ્તર મોહાપત્રા, રાજેશ ઠાકોર,મુખ્ય ટીટી મારુ સાહેબ, હેલ્થ ઓફિસર પરશુરામ, રેલ્વે પોલીસ IPF ઇન્સ્પેક્ટર રમેશ યાદવ સાહેબ સહિતના મુખ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા આ તકે પ્રકાશ બુટાણી સાહેબ સાથે રેલવે યાત્રીઓને વધુ સારી સુવિધા પ્રાપ્ત કરાવવા પ્રશ્નોનું નિવાકરણ લાવવા ચર્ચા કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.



# રાજકોટના ગોકુલધામ આવાસના ૫૭૬ રહીશોને મનપાએ ચોથીવાર નોટિસ ફટકારી, ૧૦૦૦ લોકોના જીવ પર ખતરો

રાજકોટ, તા. ૩ઃ રાજકોટ મહાપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨મા પંચશીલ ૮૦ ફુટ રોડ પર બનાવવામાં આવેલા ગોકુલધામ આવાસ યોજનાના ૫૭૬ ક્વાર્ટર ધારકોને ચોમાસા પહેલા જોખમ ટાળવા નોટીસો ફટકારવામાં આવી છે. બાંધકામ વિભાગ દ્વારા આ તમામ આવાસો સલામતી ખાતર રીપેર કરવા આવાસ ધારકોને તાકીદ કરવામાં આવેલ છે. આ મામલે સ્થાનિકોએ કહ્યું કે ૨૫ વર્ષ જૂના ક્વાટરમાં અત્યાર સુધીમાં એકપણ વખત મહાનગરપાલિકા દ્વારા રીપેરીંગ કરવામાં આવ્યું નથી.

અહિં તમામ કવાર્ટરની બહાર કોર્પોરેશનની નોટિસ લગાવવામાં આવેલી છે. જેમાં ભયગ્રસ્ત ભાગ દૂર કરવા અને રીપેરીંગ કરવા માટે લખાયું છે. જોકે લોકો કહી રહ્યા છે કે જો રીપેરીંગના પૈસા હોય તો અમે આ પ્રકારના જર્જરિત ક્વાર્ટરમાં શા માટે રહીએ ? અહીં ચોમાસામાં જર્જરિત ક્વાટરમાં છતમાંથી પાણી પડે છે અને ઉનાળામાં પણ ભારે ગરમી થાય છે. જેથી અહીં રહેતા ૧૦૦૦થી વધુ લોકોના જીવ પરનું જોખમ ટાળવા માંગ કરવામાં આવી છે. સામે પક્ષે કોર્પોરેશનના સીટી ઇજનેરનું કેવું છે કે એક વખત આવાસ ની સોંપણી બાદ તેનું રીપેરીંગ ક્વાર્ટર ધારકે જ કરવાનું હોય છે. ચોથી વખત નોટિસ અપાઈ છે અને ચોમાસા પૂર્વ ક્વાર્ટર ધારકો રીપેરીંગ કરાવી લે તે માટે વહેલી નોટિસ અપાઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવે છે. અમને રીપેરીંગ કરવા માટે નોટિસ આપવામાં આવે છે પરંતુ કોર્પોરેશન રિપેર કરતું નથી. ૨૫ વર્ષ પહેલા રૂ. ૪૦,૦૦૦ માં આ ક્વાર્ટર



આપવામાં આવ્યા હતા. તે વખતે પાણીની લાઈન પણ ન હતી અને શૌચાલયની સુવિધા પણ ન હતી.

પરિવારમાં અમે ચાર સભ્યો છીએ જો કે અહીં રહેવા માટેની જગ્યા પણ ટૂંકી પડે છે. ૨૫ વારીયા કવાર્ટર હોવાથી મુશ્કેલી પડે છે. જેથી કોર્પોરેશન રીનોવેશન કરી ફરીથી નવા કવાર્ટર બનાવી આપે તેવી માંગણી છે. અમારે જો રીપેરીંગ કરવાનું થાય તો અંદાજે રૂપિયા ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦નો ખર્ચો થાય તેમ છે જે અમને પોસાય તેમ નથી. કારણકે હું કરિયાણાની દુકાનમાં મજૂરી કામ કરું છું. કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે જો એક મહિનામાં રીપેરીંગ કરવામાં નહીં આવે તો અમે પાણીની લાઈન અને વિજળી બંધ કરી દઈશું.

મહાનગરપાલિકાના વેસ્ટ ઝોનમાં આવેલા વોર્ડ નં.-૧૨માં પંચશીલ ૮૦ ફુટ રોડની સામે, ગોકુલધામ આવાસ કવાર્ટરમાં ભયજનક કુલ ૫૭૬ આવાસોને ભયગ્રસ્ત બાંધકામને આગામી ચોમાસાની ઋતુ પહેલા સુરક્ષિત કરવા અંગે અગાઉ વર્ષ ૨૦૨૪માં નોટીસ પાઠવવામાં આવી હતી. પરંતુ આજ દિન સુધી આવાસોના રીપેરીંગ કોઇ આસામીએ કર્યા નથી. આથી આ આવાસોનાં રહેવાસીનાં જાન-માલને જોખમ રહેલ હોય, મહાનગરપાલિકા દ્વારા ફરી કુલ ૫૭૬ આવાસોને નોટીસ આપી તાકિદ કરવામાં આવેલ છે. આસામીઓ દ્વારા રીપેરીંગ કામગીરી શરૂ કરવામાં નહિં આવે તો આ ભયગ્રસ્ત આવાસોના નળ કનેકશન એક અઠવાડિયા બાદ એટલે કે ૭ માર્ચ બાદ ગમે ત્યારે કાપી નાખવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ ના નાયબ કાર્યપાલક ઇજનેરના નામની નોટિસ ગોકુલધામ આવાસ કવાર્ટરમાં લગાવવામાં આવી છે. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના લગાવવામાં આવેલી નોટીસમાં લખાયું છે કે કોમન મેસેજ અને બિલ્ડીંગના ભયગ્રસ્ત ભાગને રીપેરીંગ કરવા માટે નોટિસ આપવામાં આવેલી છે આ બાબતે ફરીથી આપને જાણ કરવામાં આવે છે. જેમાં તેમ પણ જણાવાયું છે કે ભયગ્રસ્ત ભાગની સ્થિતિ ભયજનક છે. તે ગમે ત્યારે પડી જાય તેમ છે અને તમારા જાન માલ ને નુકસાન થાય તેમ છે. આસપાસના લોકો અને રાહદારીઓને પણ નુકસાન થાય તેમ છે. જો ભયગ્રસ્ત ભાગ દૂર કરવામાં નિષ્ફળ જશો અને કોઈ જાનહાનિ થશે તો સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે.

# પાળિયાદમાં હજારો ભાવિકોના જયનાદે દીક્ષા મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી







- **બોટાદ સંપ્રદાયમાં પ્રથમવાર પૂ. જયેશચંદ્રજી મ.સા.ને 'ઉપાધ્યાય પદ'ની ઘોષણાથી જયનાદ**
- **દીક્ષાર્થી દર્શનકુમારનું નવદીક્ષિત પૂ. દેવાર્યચંદ્રજી મુનિ નામકરણ : વડી દીક્ષા શનિવારે બોટાદમાં**
- **સાધનાની શિક્ષા, સત્ત્વની ભિક્ષા એનું નામ દીક્ષા ધીરગુરુદેવ**

બોટાદ, તા. ૩: ત્યાગ-વૈરાગ્યની ભૂમિ પાળિયાદમાં ઢોલના નગારે રવિવારની સલૂણી સવારે ૮-૦૦ કલાકે શ્રી દીપકભાઈ માલવણીયાના ગૃહાંગણેથી સંયમાનુરાગી દર્શનકુમારની ભવ્ય શોભાયાત્રા નાસિક ઢોલના નાદે વિશાળ ડોમમાં ૯:૪૫ કલાકે પ્રવેશતાં દીક્ષાર્થી અમર રહો, દીક્ષાર્થીનો જયજયકારનો જયનાદ આકાશને આંબવા લાગ્યો હતો.

ગચ્છાધિપતિ પૂ. શૈલેશચંદ્રજી મ. સા. આદિ, પૂ. શ્રી ધીરગુરુદેવ, પૂ. દીપમુનિજી મ. સા. તથા પૂ. પંથકમુનિ મ. સા. અને મહાસતીજી વૃંદ તથા દેશ-વિદેશના ભાવિકોની હાજરીમાં દીક્ષાર્થીના રજતશ્રીફળનો ચડાવો પ્રવીણભાઈ શાહ, સુવર્ણ ચેનનો અનસુયાબેન અશોકભાઈ ડેલીવાલા, અંગુઠીનો ભારતીબેન ભોગીલાલ વોરા, વિજયતિલકનો વિમળાબેન છોટાલાલ ગોપાણી, માળાનો રસીલાબેન હિંમતલાલ શેઠ, નામકરણનો અમી ચિરાગ ગાંધીએ લાભ લીધેલ. સંઘજમણ ભારતીબેન ગુણવંતભાઈ ગોપાણી અને સંયમ અનુમોદનાનો અનેક દાતાઓએ લાભ લીધેલ.

દીક્ષાર્થી દર્શનકુમારે વૈરાગી અવસ્થાના આખરી પ્રવચનમાં જણાવેલ કે - ગુરુના સત્સંગે સંયમની સફરમાં આગળ વધવા પ્રયત્ન કર્યો અને પરિવાર સહભાગી બન્યો તે મારું સૌભાગ્ય છે પરિવારના દરેકની ક્ષમા માંગતા સહુની આંખો અશ્રુભીની બની હતી.

વિસામણ બાપુની જગ્યાના મહંત પૂ. નિર્મળાબા અને શ્રી ભઈલુબાપુનું સન્માન કરાયું હતું.

દીક્ષા વિધિ પૂર્વે બોટાદ સંપ્રદાયમાં પ્રથમ વાર પૂ. જયેશચંદ્રજી મ. સા. ને ઉપાધ્યાય પદની ઘોષણા ચતુર્વિધ સંઘ મધ્યે પૂ. શ્રી ધીરગુરુદેવે ગચ્છાધિપતિની અનુજ્ઞાથી કરતાં જયજયકાર વર્તાયો હતો.

વેશ પરિવર્તન બાદ ક્ષેત્રવિશુદ્ધિ પૂ. સુપાર્શ્વચંદ્રજી મ. સા. એ કરાવ્યા બાદ પૂ. શૈલેશચંદ્રજી મ. સા. ની આજ્ઞાથી દીક્ષાનો પાઠ ઉપાધ્યાય પૂ. જયેશચંદ્રજી મ. સા. એ ભણાવ્યો હતો.

નૂતનદીક્ષિતનું બા. બ્ર. પૂ. દેવાર્યચંદ્રજી મ. સા. નામકરણ ઘોષિત કરાતાં જયનાદ કરાયો હતો. વડી દીક્ષા તા. ૮ને શનિવારે જૈનભવન - બોટાદમાં સવારે ૭:૩૦ કલાકે યોજાશે.

આ પ્રસંગે અમેરીકા, કલકત્તા, પૂના, સુરત, મુંબઈ, બરોડા, અમદાવાદ, બોટાદ, ઢસા, ગઢડા, દામનગર, રાણપુર, લાઠી, રાજકોટ, ભરૂચ વગેરે સહિત ત્રણ હજારથી વધુ ભાવિકોએ શાંતિ-શિસ્ત પૂર્વક દીક્ષા પ્રસંગે માણ્યો હતો. સૂત્ર સંચાલન ગાયક સંજય શાહે કરેલ.

પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૩ને સોમવારે બોટાદ મોટી વાડી વિતરાગ ભવન, તા. ૪ને મંગળવારે ગઢડા, તા. ૫ને બુધવારે દામનગર, તા. ૬ને ગુરુવારે લાઠી અને તા. ૭ને શુક્રવારે સાવરકુંડલા પધારશે.

# વિધાનસભા સ્પીચમાં પ્રથમવાર AIનો ઉપયોગ

## કોંગ્રેસ પર ચાબખા ગુજરાતમાં અછત, કટોકટી, તંગી, ભૂખમરો જેવા શબ્દો ઈતિહાસ બની ગયાનો દાવો

અમદાવાદ, તા.૧

ગુજરાત વિધાનસભાના ચાલી જો રહેલા સત્ર દરમિયાન કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે પોતાના અભિભાષણ દરમિયાન AI જનરેટેડ કવિતાનો ઉપયોગ કર્યો હતો. મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં રાજ્યપાલના ઉદબોધન પર ચર્ચાના અંતિમ દિવસે જવાબમાં કહ્યું હતું કે, સંવિધાનના શિલ્પી ડો. બાબાસાહેબની હયાતીમાં જ બંધારણમાં છ સુધારા કરનાર કોંગ્રેસ આજે સંવિધાન બચાવવાની વાત કરે છે જે નિરર્થક છે.

કોંગ્રેસ તેના શાસનના સંપૂર્ણ કાર્યકાળ દરમિયાન ૮૬ વખત સુધારા કરીને સંવિધાનનું વારંવાર અપમાન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર




મોદીના નેતૃત્વ અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં જમ્મુ-કાશમીરમાંથી ૩૭૦ની કલમ દૂર થતા આપણું સંવિધાન અખંડ થયું છે.ભૂતકાળમાં વિધાનસભા ગૃહમાં તત્કાલીન સરકાર વતી રાજ્યપાલ દ્વારા કરવામાં આવેલા ઉદ્‌બોધનનો સંદર્ભ ટાંકતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતુ કે, રાજ્યમાં ભોજન માટે અનાજની અછત છે. અનાજ બચાવવા માટે સરકારે સંયમના પગલાં શરૂ કર્યા છે.

ખેડૂતોને સસ્તા અનાજની દુકાનોએથી અનાજ ન લેવાની અને આમ જનતાને અઠવાડિયે એક ટંકનું ભોજન જતું કરવાની અપીલ કરવામાં આવી છે. તેવા ઉલ્લેખ કરવામાં આવતા હતા જેની જગ્યાએ આજે અછત, કટોકટી, તંગી, ભૂખમરો જેવા શબ્દે। ઈતિહાસ બન્યા છે.આજે મગફળી, તલ, સોયાબીન, ચણા અને રાયડો જેવા પાકના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. અગાઉ કોંગ્રેસની સરકારમાં પીડાદાયી, સમસ્યાપ્રધાન, વિકાસની સમસ્યાના ગંભીર મુદ્દાઓને પરિણામેં મુખ્યપ્રધાન કરતા સમસ્યાઓ જ પ્રધાન હતી.

ભા.જ.પા.ના અથાગ પરિશ્રમના પરિણામે અછત, કટોકટી,તંગી, ભૂખમરો જેવા શબ્દે। ગુજરાતમાં ઈતિહાસ બની ચૂક્યા છે. આજે કાયદા અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિને પરિણામે ગુજરાત ભૂખ, ભય અને ભ્રષ્ટાચારથી મુક્ત તેમજ વિકાસશીલ, સલામત, સમરસ અને ગૌરવવંતુ બન્યું છે.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**મર્યાદા જાતે નક્કી કરવામાં આવે તો જ એ મર્યાદા કહેવાય પણ, જો બીજા નક્કી કરે તો પછી શરમ કહેવાય...**

દરેક ક્ષેત્ર અને સબંધોમાં સ્વયં મર્યાદા નિર્ધારિત કરીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ.

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

Since 2003

RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

# Ravi ENGLISH INSTITUTE

*Where Growth is A Way of Life*

## SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?

## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
**MONEY BACK GUARANTEE...**

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યકિતગત માર્ગદર્શન.**
- ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



**૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી**

ત્રણ દિવસ
**ફ્રિ સેમિનાર**

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391

"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306

૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

Hi લખીને મોકલો

**98983 17826**



અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062